ॐ

सुबोध ज्ञान प्रवाह.

સુબોધ સુધાના વિધવિધ બોધક નિશ્ચયો.

સગુણ નિર્ગુણ અભેદ પરમાત્મા તથા ૐકારની
સ્તુતિ-તત્વજ્ઞાન પ્રેમરસ ભજનોનો સમહુ
તથા
સદ્ગત રા. રા. શિવશંકરભાઈનું જીવનચરિત્ર
તેમનાજ સ્મરણાર્થે.

પ્રસિદ્ધ કર્તા,
હરીલાલ મગનલાલ ભટ.
શામસુંધાની પોળ-અમદાવાદ.

સંવત ૧૯૭૩, આવૃત્તિ ૧ લી, સને ૧૯૧૬

પ્રત ૧૦૦૦.

ટાઈટલ પેજ ધી એડવર્ડ પ્રી. પ્રેસમાં છાપ્યું અમદાવાદ.

ॐ

सुबोध ज्ञान प्रवाह.

સુબોધ સુધાના વિધવિધ બોધક નિશ્ચયો.

સગુણ નિર્ગુણ અભેદ પરમાત્મા તથા ૐકારની
સ્તુતિ—તત્વજ્ઞાન પ્રેમરસ ભજનોનો સમૂહ
તથા
સદ્ગત્ રા. રા. શિવશંકરભાઇનું જીવનચરિત્ર
તેમનાજ સ્મરણાર્થે.

સંગ્રહી પ્રસિદ્ધ કર્તા,
હરીલાલ મગનલાલ ભટ.
શામસંઘાની પોળ—અમદાવાદ.

સંવત ૧૯૭૩, આવૃત્તિ ૧ લી, સને ૧૯૧૬

પ્રત, ૧૦૦૦

કીમત ૦—૪—૦ પોસ્ટેજ જુદું.

"હિતેચ્છુ પ્રેસ"માં મહેતા હરિપ્રસાદ પિતાંબરદાસે છાપ્યો.

ખાડીયામાં—**અમદાવાદ.**



પરમાત્મા સ્વરૂપ પરમભક્તરાજ

સદ્ગત શ્રીયુત શિવશંકર બહેચરભાઈ વ્યાસ.

જન્મ	દેહત્યાગ
સંવત ૧૮૯૮ શ્રાવણ વદી ચતુર્થી.	સંવત ૧૯૭૭ ભાદરવા સુદી પ્રતિપદા.

॥ ૐ શ્રી ગણેશાય નમઃ ॥

અર્પણ પત્રિકા.

શ્રીમન્ પરમાત્મા સ્વરૂપ પરમપ્રિય સનાતન વૈદિક ધર્માભિમાની પરમ ભક્તરાજ શિરોમણી.

સદ્દગત રા. રા. શિવશંકરભાઇ બહેચરભાઇ વ્યાસ.

આપશ્રીનો મારા પ્રત્યેનો કેવળ નિઃસ્વાર્થ પ્રેમ અને વ્યવહાર કાળમાં આપે મને યોગ્ય રીતે શિક્ષણ આપી, કાર્ય દક્ષતાથી જાગૃત કરી નોકરીના સબંધે પણ યથાર્થ રીતે નિપુણતા કરાવી મારી આખી જીંદગીને માટે મને જે ઉપકાર કીધો છે, તેનો બદલો મારાથી વાળી શકાય તેમ નથી. તેમ ઇશ્વર પ્રત્યેની મારી અમુલ્ય ફરજો-અને ભક્તિજ્ઞાન તરફ એક નિષ્ટા પૂર્વક મારી વૃત્તિને દોરી મને જે જન્મોજન્મના સાર્થક રૂપ ઉપકાર કરી સુમાર્ગે દોર્યો છે-તેને માટે અત્યંત આભારી છું. અને તે સર્વને માટે મારી અંતઃકરણની શુદ્ધ લાગણીપૂર્વક મારા વડીલ બંધુ તરીકે આપશ્રીની પવિત્ર સેવામાં આ ટુંક વૃત્તાંત આદિ બોધ વચનો કે જે સંતવાણીરૂપ છે તે જનસમૂહના આત્મ પ્રેમાર્થે આપશ્રીને અર્પણ કરૂં છું; તો સદ્દગત આત્મા શાન્તિને પામો, એજ વિનંતી.

આપનો કનિષ્ટ

હરિલાલ મગનલાલ ભટ.

અમદાવાદ.

ૐ

વિજયતરંગ.

મહત્તજનોની કૃપાવડે સત્સંગ થતાં આ જન્મ સાફલ્યતાના કોઈ કોઇ અંશો પ્રદિપ્ત થતાં સમયાનુકુળે પૂર્ણ શાન્તિયોગની પ્રાપ્તિ થાય છે. પણ આવા વિચારો અને તેવીજ રહેણી જન્મ જન્મના સંસ્કાર પૂર્વક કોઇ ભાગ્યવાન પુરૂષનીજ હોય છે. પાશ્ચાત્ય વિચાર વમળમાં દેહ બુદ્ધિની ભ્રમણા વડે ગોથાં ખાનારા જીવાત્માઓને આ સંસ્કારીક ઉચ્ચ કથાની ગતિનો માર્ગ રૂંધન થયેલોજ હોય છે. તેથી દ્દષ્ટિ ન પહોંચી શકવાથી માત્ર " શિયાળની દ્રાક્ષ " ની માફક થતું હોય તો તેને માટે કંઇ વિચારવા સરખું નથી.

સત્સંગમાં ઓતપ્રોત પ્રેમાધિન રમનારા ભક્તજનોની બુદ્ધિ પણ ચમત્કારીકજ હોય છે. સંત પુરૂષોથી ગુપ્ત મર્મની શોધ કરનારા ભક્ત લોકો પોતાની સૂક્ષ્મ બુધ્ધિથી તારતમ્યતા શોધી કાઢી પોતાની ઉચ્ચ કક્ષામાં રમી, વ્યવહાર શુધ્ધતા સેવી, જન સમૂહની આત્મતાને ખેંચી શકે છે. એ વાત નિર્વિવાદજ છે.

સદ્દગત રા. રા. શિવશંકરભાઇને સંત સેવામાં અને તત્વજ્ઞાન ઉપર કેવો પ્રેમ હતો તે આ ઉપરથી સ્હેજ સમજાશે. શ્રીમન્ શારદા પીઠાધિશ્વર શંકરાચાર્ય મહારાજના પટ્ટ શિષ્ય

શ્રીમન્ પ્ર. પ્ર. પૂર્ણાનન્દ સ્વરૂપ મહારાજ કૃત સુબોધસુધાના જે જે વિષયોનો તેમના હૃદયમાં ઉછળતો પ્રેમ હતો તે પ્રસિધ્ધ કરવાને તેમ તેમનાં તત્વજ્ઞાનનાં કેટલાંએક ભજનોમાં નિત્ય પાઠ કરવા રૂપે પ્રેમ હતો. તે પ્રસિધ્ધ કરતાં સંત પ્રત્યેના ઉપકારને શિરસાવંદ્ય માન્ય કરી જનસમૂહને તે વિચારો જણાવવા અને તેમાં શું ભક્તિજ્ઞાનબળ રહ્યું છે તે પ્રસિધ્ધ રીતે સેવવાના આ મારા પ્રયાસમાં હું સફળ થાઉં એમ પ્રભુ પાસે યાચના છે.

માર્ગશીર્ષ શુદી પ્રતિપદા,

પ્રસિદ્ધ કર્ત્તા.

ॐ

રા. રા. શિવશંકર બહેચરભાઈ વ્યાસનું સંક્ષિપ્ત જીવન વૃત્તાંત.

न हन्यते हन्यमाने शरीरे ॥ भगवद्गीता ॥

अविनाशी अरे आत्मा ॥ श्रुतेः ।

તત્વ જ્ઞાન દૃષ્ટિથી મહાત્મા પુરૂષોનો દૃઢ નિશ્ચય છે કેઃ— **सर्वं खल्विदं ब्रह्म** અર્થાત્ આ સર્વ નિશ્ચયથી પરમાત્મા સ્વરૂપજ છે. અનેક શાસ્ત્રની જુદા જુદા વિચારરૂપ બુધ્ધિથી વિચારવાન પુરૂષોના હૃદયમાં અનેક તરંગો ઉદ્ભવે છે. છતાં સનાતન વૈદિક ધર્મની શ્રધ્ધાભક્તિયુક્ત મર્યાદાથી જેને સત્યાનુભવ કરવાની ટેવ મહાત્મા પુરૂષોના સમાગમથી પડી હોય તેઓ કદાપી પણ વિપરીત દૃષ્ટિથી જોઈ શકતા નથી. અસ્ખલિત દૃષ્ટાન્તોથી ભેદ બુધ્ધિનો પરિહાર કરનારા ભાવિક ભક્તજનો ખાંડના શ્રીફળ જેવા આકારથી શ્રીફળજ છે એમ ન માનતાં સત્ય રીતે ખાંડજ અનુભવે છે. તેમ આ સર્વ વિશ્વરૂપ બ્રહ્માંડના નામ રૂપમાં સત્ય રીતે પરમાત્માનેજ અનુભવે છે. એટલે અવિચાર અજ્ઞાન દૃષ્ટિથી જેમ શ્રીફળ દેખાય પણ વિચાર કરી જોતાં જેમ ખાંડજ છે, તેમ અવિચાર અજ્ઞાન દૃષ્ટિથી જગત, વિશ્વ, બ્રહ્માંડ એમ કલ્પનાકાર સમજાય, પણ વિચાર કરીને ગુરૂગમ બુધ્ધિથી જોતાં પરમાત્માજ સિધ્ધ થાય છે.

અવિચારથી ભાસતા જગતની ભ્રાન્તિવાળી દૃષ્ટિનો પરિહાર મનુષ્ય દેહના સ્વરૂપેજ થઈ શકે છે. એ વાત નિર્વિવાદજ છે. અને તેવી અજ્ઞાન વૃત્તિનો પરિહાર કરવા માટે મનુષ્યદેહધારી જીવાત્મા ગણાતાં તેજ પ્રયત્નશિલ છે. અને તેનેજ એટલે તેવા વિચાર કરનારાને અવતાર ધારી માનીએ તો તેમાં ખોટું કહેવાય નહિં; કેમકે મનુષ્ય શરીરને પામેલા મહાત્મા યોગીયો, તત્વ જ્ઞાનીઓ, જીવન્મુક્તના સ્વરૂપે પરબ્રહ્મ તત્વને પામી અર્થાત્ પોતાના સ્વરૂપથી જાગૃત થઇ ઓળખી શકયા છે. એ વાત નિર્વિવાદ છે. તેમાં જે જે જેટલા અંશે જ્ઞાન ભક્તિ સેવી પરમપાદરૂપ ઉચ્ચ શ્રેણી ઉપર ચાલતા ચાલતા પામે છે, તે કોઇ પણ કાળે, કોઈ પણ જન્મે, **अनेक जन्म संसिध्धिस्ततो याति परां गतिम् ।** અનેક જન્મની પુણ્ય યોગ રૂપી પવિત્ર બુધ્ધિએ સંપૂર્ણ બુધ્ધિયોગથી પરે પૂર્ણ પરમાત્મા યોગમાં તદાકાર રહે છે. એટલે તેવા અનુક્રમે ચઢનારા ઊંચ પદમાં જતા પુરૂષો પણ પરમાત્માના કલાંશ રૂપે અવતાર ધારી ગણાય તો તેમાં પણ શંકા નથી. પોતાના કલ્યાણના સંગમાં સંગીઓને પણ કલ્યાણનો યોગ પ્રાપ્ત થાય છે. વિશેષ કલ્યાણકારી સ્વભાવથી, બહુજ ઉંચ કક્ષાથી, આશ્ચર્યજનક કાર્યોમાં દક્ષતા ધારણ કરી રહેતા પુરૂષો અવતારીક ગણાય તો તે માન્ય સ્વરૂપ છે. જગત ભાવની માન્યતાને હૃદયમાંથી તિલાંજલી આપી, સર્વમાં ચૈતન્ય સ્વરૂપ પરમાત્માને જોનારા દક્ષ યોગી મહત્ પુરૂષો જગતનેજ પરમાત્મા સ્વરૂપ જોઇ શુધ્ધ બુધ્ધિનો આત્મમય વ્યવહાર ખેડે તો તેને બાધ લાગતો નથી. અર્થાત્ તેમાં ધુમાડો ગોટાતો નથી. તેથી તેવા વિચારવંત વ્યવહાર ખેડવાવાળા આ

સંસારમાં પણ જીવન્મુક્ત સમાન ગણાય છે. આત્મમય સમાન બુધ્ધિનો શારીરીક વ્યવહાર પોતાના ઉંચ્ચ જ્ઞાનને મદદગાર છે. અને લોકસમૂહને પણ લાભકારક છે. તેનું જોઇ શિખનારને યોગ્યતા પ્રાપ્ત થઈ શકે છે. એવા સજ્જન પુરૂષો શુભ કુલમાં અને મર્યાદશીલ યોગમાં પૂર્વ પુણ્યબલના પ્રભાવે અવતાર પામી મનુષ્ય દેહમાં બ્રાહ્મણ જેવી ઉંચ્ચ ભાવનાનો યોગ ધારણ કરે છે. અને તેઓના અનુકરણીય સ્વભાવમાં જનસમૂહને શિખવા જાણવાનું પણ મળે છે. તો તેવાઓનું જીવન વૃત્તાંત લખવું અને જાણવું પણ યોગ્ય ગણાય છે.

આ સદ્‌ગત સત્પુરૂષના વડીલો ઔદિચ્ય ટોળકીયા બ્રાહ્મણ પૌલસ્ત ગોત્રી હતા. ને તેઓ પોતાનું મૂળ સ્થાન કનીજ છોડી માતર ગામમાં વસ્યા હતા. આ ગોત્રનો વિસ્તાર મોટો છે ને તેની બાવન ખડકીયો થએલી કહેવાય છે.

શીવશંકરભાઇના વડીલોમાં જુની હકીકત ગોવીંદજી વ્યાસથી વધારે આગળની મળી શકી નથી. ગોવીંદજી વ્યાસના દીકરા ગોપાળજીને તેમના દીકરા ગણેશરામ હતા. ગણેશરામના પુત્ર જીવણરામ અને તેમને બે દીકરા બાળકૃષ્ણ અને મુળજી તેઓ વડોદરામાં રહેતા હતા અને સારા વિદ્વાન ગણાતા હતા. તેઓએ પોતાની વિદ્યાના પ્રભાવથી તે વખતના ગાયકવાડ સરકારની મહેરબાની મેળવી, વર્ષાશન પ્રાપ્ત કર્યું હતું. જે હજી પણ ચાલે છે. ને તેઓ ટોળકીયાની આખી જ્ઞાતીમાં પ્રખ્યાતી પામ્યા હતા. જેમ બાલકૃષ્ણને " મોટા બાપા " અને મુળજીને " નાના બાપા " આવાં મહત્વવાળાં વિશેષણો જ્ઞાતી તરફથી મળેલાં હતાં. આવા પ્રસિદ્ધ અને વિદ્વાન બાલકૃષ્ણ વ્યાસ હતા

જેમના દીકરા બહેચર વ્યાસ હતા. તેમને ઘેર આ પ્રતાપી સદ્‌ગત સત્ પુરૂષનો જન્મ ખેડા જીલ્લાના " **માતર** " ગામમાં સંવત ૧૮૯૯ ના શ્રાવણ વદી ૪ ના પવિત્ર યોગમાં થયો હતો. તેઓ ઔદીચ્ય ટોળકીયા કુલના પૌલસ્ત ગોત્રના બ્રાહ્મણ હતા. ગામડાના બ્રાહ્મણો બહુ સાદા સ્વભાવના અને સત્યવાદી, પ્રેમી, રાગદ્વેષ રહિત બુદ્ધિના અને ધર્મ મર્યાદાને વળગી શ્રદ્ધાયુક્ત–આધુનિક કેળવણીવાળી પદ્ધતિથી રહિત–મિથ્યાભિમાન રહિત કર્મભક્તિવાળા હોય છે. અને હાલની રાજ્ય કેળવણીના સંયોગો ગામડામાં મળી શકતા નથી તેના અભાવે સદ્‌ગત શિવશંકરભાઇને બાલ્યાવસ્થામાં અંગ્રેજી કેળવણી આપી શકાઇ નહોતી. માત્ર ગુજરાતી ભાષાની કેળવણીજ મળી શકી હતી. તેમ ગામડાનું બંધારણ ગરીબ સ્થીતીનુંજ હોય છે. તેથી બાળપણથીજ સ્વાત્માવલંબીજ થવું પડયું હતું. ગુજરાતી સાતમા ધોરણમાંથી પસાર થવાનો અનુકૂળ અભ્યાસ તે વખતે તેમને મદદગાર જણાવાથી તેમ કરી તુરતજ ટુંકા પગારથી પણ રેવન્યુ સરવે ખાતામાં તા. ૧ લી ફેબરૂવારી સને ~~૧૯૧૬~~ થી દાખલ થયા હતા. ત્યાં પોતાની પ્રતિભા અને પોતાના ઉત્તમ સદ્‌ગુણો અને કાર્યદક્ષતાથી અને પોતાના ઉપરી અધિકારીઓ સાથે માનના વર્તનથી તેઓ અધિકારીઓની કૃપા સંપાદન કરી શકયા હતા. પ્રથમ પિતૃઋણમાંથી મુક્ત થવાનો તેમનો પ્રયાસ થતાં પોતાની જાતે સત્ય અને પ્રમાણીકપણાથી પોતાની નોકરીમાં અધિકારીઓની મરજી સાચવીને કરતાં થોડા વખતમાં દુઃખ સુખથી દૂર રહી, સમતા રાખી તે દેવામાંથી મુક્ત થયા હતા. તેમની પ્રમાણિકતાથી

થોડાજ વખતમાં ગુજરાત પ્રાન્તના તાલુકદારી સેટલમેંટ ઑફીસર સાહેબની ઑફીસમાં સર્વે હેડ કારકુન તરિકે પાંત્રીસના પગારથી દાખલ થયા હતા. ત્યાં લગભગ દશ વર્ષ સુધી કામ કરી બહુજ કાળજીથી અને ચાલાકીથી અને પ્રમાણીકપણાથી અધિકારીઓની મરજી સંપાદન કરતાં તેઓ ત્યાંજ સિરસ્તેદાર તરીકે નિમાયા હતા. આ જગોએ લગભગ પચીસ વર્ષ સુધી રહી સંતોષ પૂર્વક કામ કરી બતાવ્યું હતું. અને લોક તથા રાજ્યને સંતોષ આપ્યો હતો. ઘણાક ઉમેદવારોને તેમણે ઉદ્યમે વળગાડયા હતા. તેઓનો ઉદ્દેશ, નીતી, દયા અને ધર્મનોજ હતો. ને તેઓ નીચેના જેવા વાકયોથી તેઓને બોધ કરતા હતા.

" નિર્મળ અને પવિત્ર પણ નમ્ર સ્વભાવથી કોઈ પણ કાર્ય કરીએ તો તેમાં આપણે નિષ્ફળ જતા નથી; કારણ તેવી મમતા ઇશ્વર રૂપે સર્વ કાર્ય કરે છે, અને અંતરમાં આનંદ રૂપે હોવાથી શું કરવું તે શોધવાની જરૂર પડતી નથી. "

" શાન્ત પણ ગંભીરતાથી કરેલું કાર્ય સંતોષકારક પરિણામ ઉપજાવે છે, હૃદય ઉપર અસર કરે છે, અને તેથી તે કસાય છે. "

" જ્યારે મહત્વાકાંક્ષા દુર થાય છે ત્યારે પરમપદ પરમાત્મા રૂપ શાંતિનું રાજ્ય સ્થપાય છે કારણ કે મનુષ્ય સંકટોથી દુઃખ ગ્રસ્ત થઈ જતો નથી; પણ અસંતોષથી થાય છે. જે મનુષ્ય શક્તિ પ્રમાણે પણ ખરા મનથી કાર્યં કરે છે તે પોતાને બંધનથી મુક્ત, અને આનંદી માને છે. જો ઉલટુંજ કરવામાં આવે તો તેને શાંતિ મળતી નથી. "

" સારો માણસ પોતાના શત્રુ ઉપર પણ પ્રીતી રાખે છે, દુષ્ટ મનુષ્ય પોતાના મિત્ર તરફ પણ દુર્વર્તન ચલાવે છે. "

" દુઃખી માણુસ વિષે વિચાર કરતા રહેજો, તેઓને માટે મનમાં પ્રેમ લાવજો કે તમારામાં જરૂર દયા ભાવ ઉત્પન્ન થશે."

" ઇશ્વર કૃપાથી પ્રસંગ જોઇને મહાન કાર્યો કરજો પણ માયાળુપણું ભુલશો નહિ."

" ખરા ઉત્સાહથી અને સાફ મનથી કાર્ય કરનારને પરમાત્મા મદદ કરે છે. મનુષ્ય પોતેજ પોતાનું ભવિષ્ય બાંધે છે."

" જેમ સુર્યનાં કીર્ણો સર્વદા પ્રકાશ આપ્યાજ કરે છે, તેમ પવિત્ર અંતઃકરણ કદી બદલાતું નથી પણ સત્યને માર્ગે પ્રકાશ રૂપે દોરે છે."

પોતે અંગ્રેજી ભાષા જાણતા નહોતા, છતાં તેમના પહેલાંના અધિકારીઓ મે૦ રીચી સાહેબ તથા બોવી સાહેબ તથા ખા૦ બા૦ પેસ્તનજી જહાંગીરજી તથા કવીન સાહેબ વિગેરેના તેમના માટે બહુ સારા સારા અભિપ્રાયો થયેલા અને છેલ્લે રા. બા. ભીમભાઇ કીરપારામે પણ તેમના માટેના પાછલા અભિપ્રાયો જોઇ અને પોતાની સાથેના કામનો પણ અનુભવ મેળવી આખરે તેમને યોગ્ય પ્રમોશન આપવા દૃઢ વિચાર કીધો. અને હેડકલાર્ક જેવી જોખમની નોકરી ઉપર રૂ. ૧૦૦) ના પગારથી ચઢાવ્યા. નોકરીનાં છેલ્લાં ત્રણ વર્ષ તેમણે ઉપરના હોદ્દાથી ગાળ્યાં હતાં અને તેમાં પણ વિશ્વાસનિય કાર્યદક્ષતાથી રાજ્યનો પુરો સંતોષ સાચવી લોકને પણ યોગ્ય સંતોષ્યા હતા. આ છેલ્લા સમયમાં તેમને અને તેમના ઉપરી અધિકારી સાહેબ રા. બા. ભીમભાઇ સાહેબ સાથે બહુજ ગાઢો સંબંધ બંધાયો હતો. તેથી તેમના અવસાન સમયે પોતાની પાકી સાઠ વર્ષની ઉમર છતાં પણ નામદાર સરકારે મેહેરબાનીથી

નોકરીની મુદત વધારી આપી. તે પુરી કરી સને ૧૯૦૪ ના નવેમ્બર માસમાં પેન્સન ઉપર રિટાયર થયા હતા. આમ નોકરી કરેલી છતાં પણ તે અવસરમાં પોતાનો મનુષ્ય અવતાર બ્રાહ્મણ દેહ, સનાતન ધર્મ, પ્રભુ ભક્તિ, સંત સેવા અને જ્ઞાન-વિચાર તેમણે છોડયાં નહોતાં; અને પેન્સન લીધા પછી તે કાયમ રહયાં હતાં. પેન્સન લીધા પછી વૃત્તિઓને રોકવાને અને પ્રભુપરાયણ થવામાં તેમણે પોતાનો અમુલ્ય કાળ રોકવા માંડયો હતો; અને કર્મકાન્ડથી જાગૃતી ધારણ કરી ભક્તિમાં જોડાઇને સત્સંગમાં બહુજ વખત ગાળતા હતા. આ સમયે તેમણે હિન્દુસ્થાનની ચારે દિશાની યાત્રા કરી ચારે ધામનાં દર્શન કર્યાં હતાં. ભાવિક ભક્ત હોવાથી તેમને ઘણા જનો "ભક્તરાજ" કહીને બોલાવતા હતા. સનાતન ધર્મના સિદ્ધાન્તોમાં અસ્ખલિત આસ્થા પ્રભુમાં દૃઢ ભક્તિ અને દાસત્વ, તેમ પરોપકાર કાર્યમાં પણ લાગણી ધરાવતા હતા. સત્સંગના પ્રભાવથી તેમને કોઇના ઉપર જાતી દ્વેષ કે કોઇ પણ કાર્યમાં અભિમાન નહોતું જેથી નિરભીમાન વૃત્તિથી તેઓએ પોતાની જીંદગાની સાફલ્ય કરી પ્રભુભક્તિમાં લીન રહેતા હતા. અસત્ય બોલવા ઉપર તેમને ઘણોજ અનાદર હતો. એ તેમના સહવાસીઓને સ્પષ્ટ સમજાતું હતું. તેમની લોકપ્રિયતાના કામોની યાદ હજુ પણ લોકના હૃદયમાંથી ભુસાઈ નથી. પોતે નોકરીમાંથી રીટાયર થએ લાંબી મુદત થએલી હતી છતાં તેમના ઉપર તાલુકદારી ખાતાના મોટા તેમજ નાના નોકરોનો કેવો પ્રેમ હતો તે જાણવાને એકજ દાખલો બસ છે. બે વરસ ઉપર તાલુકદારી ખાતાના હેડકલાર્ક રા. ઈંદ્રવદનરામ મધુવચ્ચરામને પોરબંદર

મોટા ઓદ્ધાની નોકરી મળવાથી ત્યાં જતાં તેમને ખાતા તરફથી જે માન આપવામાં આવ્યું તેમાં તમામ સભ્યોના આગ્રહથી ઈંદ્રવદનરામભાઇને ફુલ તોરા આપવાની શુભ ક્રીયા શીવશંકરભાઇને હાથેજ કરાવી હતી અને ઈંદ્રવદનરામભાઇએ પણ શીવશંકરભાઇને પોતાના ગુરૂ તરીકેજ ગણી સ્વીકાર કર્યો હતો. પાછળના કાળમાં તેઓની બ્રહ્મભાવના અને આત્મ્યૈકયતાના બોધથી જગત દૃષ્ટિથી પરિહાર થતાં પોતે અખંડાનુભવ પરમાત્મભાવમાં ઘણો કાળ સમાધિસ્થ રહેતા હતા. જેમના પ્રસંગમાં આવતા તેઓ તેમને ભાગ્યેજ વિસરી જતા. તેમની સ્મર્ણ-શક્તિ (યાદદાસ્ત) બહુજ બલવાન હતી. પોતાના નામ પ્રમાણે તેઓ પોતાની જીવ વાસના છોડીને શિવ સ્વરૂપજ સ્થિત રહેતા હતા. સ્વભાવે મીલનસાર અને ભોળા હૃદયના હોવાથી તેમની યોગ્યતા ગણાતી હતી. હમેશાં બ્રાહ્મી મૂહુર્તમાં ઉઠી સ્નાન સંધ્યા ભજન પૂજન પરવારી નિત્ય કર્મ પૂર્ણપણે સેવતા હતા. જીવન્મુક્ત દશામાં રહેનારા યોગીજનોના સહવાસથી તેઓને જીવન્મુક્ત વિચારોના અનુભવો ઉત્પન્ન થયા હતા. તેથી વ્યવ-હારમાં રહ્યા દેખાતાં છતાં. પૂર્ણાનુભવથી આત્માના વિચારમાં તાદાત્મ્યતા ભોગવતા હતા. જીવન્મુક્ત ગણવામાં અતિશયોક્તિ ગણાય નહિં. એવી સુકૃતિથી પોતાની જીંદગાની ભક્તિયોગમાંજ અર્પણ કરી દીધી હતી. ભક્તિયોગ પ્રાપ્ત થતાં અભિમાન દૂર થાય છે, કેમકે પ્રભુશર્ણ કે ગુરૂશર્ણ લેવાય છે. તેથી ત્યાં પોતાના અભિમાનનું બળ હોતુંજ નથી. વૃદ્ધાવસ્થા છતાં પોતાના કસાયેલા શરીરથી તેમ નિત્ય કર્મ ઉપાસનાના બળથી જીવ ઇશ્વરના માયિક તત્વોના સંમેલનથી પરે બ્રહ્મ ભાવના શુદ્ધ રીતે

સંભાળવામાં અત્યંત વિચારશીલ હતા. તેમની આરોગ્યતાના સંબંધે જીંદગીમાં જવલ્લેજ માંદગી ભોગવી હતી. પ્રમાણીક-પણાની અને કાર્યદક્ષતાની નિઃસિમ બુદ્ધિથી તેમની પ્રભા સારી પડતી. તેમ તેમના જીવનની ગતી પણ અત્યંત શુદ્ધતાથી પસાર થઈ હતી. યશ, કીર્તિના માનને ખાતર તેમની અન્-ઈચ્છા પ્રત્યક્ષ દર્શન આપતી હતી. એક વર્ષ અગાઉ તેમણે પોતાનો અવસાન જાણ્યો હતો. અને કહેતા હતા કે હવે આ શરીર વધારે વખત ટકનાર નથી. હવે શ્રાવણ માસ, ભાદરવો માસ કઢાશે એમ ભાગ્યેજ બનશે. આ તેમની પવિત્રતાને લીધે ભવિષ્ય વાણીજ હતી. શ્રી મયુરેશ્વરની યાત્રા પ્રસંગે તેમના હૃદયના ઉદ્‌ગારો કેવળ આર્દ્ર હૃદયના ભક્તિરસ ભરપુર અને ગદગદ કરનારા હતા. સંત સમાગમથી યોગીજનોના પ્રેમને જીતી, તેમણે પોતાના હૃદયને જ્ઞાનામૃતથી પરિતૃપ્ત કીધું હતું. જેથી પ્રભુરૂપ હૃદયમાંથી સત્ય વિચારની ધારા છુટે અને તેમજ થાય એ પ્રમાણપૂર્વકજ છે.

જ્ઞાનીજનોને જ્ઞાનની પ્રાપ્તિ થતાંજ અને બ્રહ્મમય રસ-ભાવનાનો અનુભવ થતાંજ તેનો દેહ અજ્ઞાન પરિહારથી નથીજ. છતાં લોકદૃષ્ટિએ જણાતો દેહ યથા પ્રારબ્ધ કાળે છુટે છે. એટલે જેમ ગતીમાં આવેલો દડો અમુક બળની ગતીથી અમુક કાળ સુધી વહન થયા પછી અટકે છે. તેમ જ્ઞાની જનનો દેહ પણ અમુક પ્રારબ્ધ સંસ્કારો પછી અટકી પડે છે. એ પ્રમાણે ફક્ત બાર દીવસની પગની બીમારી ભોગવીને આજ્ઞાનાત્મા પુરૂષનો દેહ ૐ પરમાત્માનું રટણ કરતાં સંવત ૧૯૭૨ ના ભાદરવા સુદી પ્રતિપદા, તા. ૨૯ મી આગષ્ટ સન ૧૯૧૬ ને મંગળવારે સાયંકાળે

ચાર વાગે લગભગ ૭૪ વર્ષની ઉમરે ઉત્તમ સ્થિતિની સદ્દગતીને પામ્યો; અને તેમનો અમર આત્મા પરમાત્મામાં તન્મય થયો

એમની નોધ લેતાં અમદાવાદના પ્રસિદ્ધ “પ્રજાબંધુ” માં તા. ૩—૯—૧૬ ના અંકમાં જણાવેલું છે કે:—

× × × મરનાર શરૂઆતમાં હલકા પગારથી સરવે ખાતામાં દાખલ થઇ ધીમે ધીમે ચઢી તેઓ તાલુકદારી સેટલમેન્ટ ઓફીસરના શીરસ્તેદારની જગ્યાએ નીમાયા હતા અને ત્યાં ૨૫ વર્ષ સુધી નોકરી કરી પેનશન ઉપર ગયા હતા. મરહુમ ધરમિષ્ટ હતા અને પેનશન લીધા બાદ તેઓ ધર્મકાર્યમાં પોતાનું જીવન ગાળતા હતા. વિગેરે. × × ×

એવી રીતે સદ્દગત પુરૂષનું જીવન અન્ય જનોને અને પેન્શનર રિટાયર થયેલા ગુજરાતના બંધુઓને તેમ સાક્ષરોને અનુકરણીય હતું.

પરમાત્મા પ્રભુ ! ! એવા વિરલ પુરૂષ શાન્તિને પામો. એજ ૐ ૐ ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ: ।

———

વ્યાસ શિવશંકર બહેચરભાઇ કૈલાસ પદ પામ્યા તેમની દીલગીરામાં લખાએલી કવીતા.

છપ્પા.

ટોળકીયા ઔદિચ્ય, વિશે શાખા છે ભારી;
કનોજીયા પૌલસ્ત, તણી ઉજ્વળતા સારી;
બાવન ખડકી થઇ, સ્થાનથી જુદા પડીઆ;
જ્યાં ફાવ્યું ત્યાં જઈ, શાન્તીથી સહુકો વશીયા,
વેદ યજુર માધ્યંદીની, શાખા પુર્ણ પવિત્ર તો,
માતરમાં વશીયા હતા, શીવશંકરના પુર્વજો. ૧

બાળકૃષ્ણ તો હતા, પીતામહ પોતા કેરા,
સહુ શુભ ગુણ સંપન્ન, ગણાયા આપ ઘણેરા,
*વિરક્ષેત્રમાં જઇ, પ્રસીદ્ધી પુરણ પામ્યા,
રાજ્યે, વર્ષાશન, સ્થાપીઉ જેથી જામ્યા,
“ મોટા બાપા ” પદ્વી તો, નીજ જ્ઞાતી વિશે મળી,
વર્ષાશન અદ્યાપી તો, ચાલે છે તે સ્થળ વળી. ૨

તનુજ બહેચર વ્યાસ, હતા ગુણીએલ તો ઝાઝા,
માતરમાંહી વશ્યા, સહુજન રાખે માઝા,
પ્રગટયો પુત્ર પવિત્ર, પીતા રહે અતી આનંદે,
અગસ્ટ ઇસ્વીસન, †વેદ વેદ સીધી ચંદ્રે,
શીક્ષણ સારૂ આપીઉ, ધર્મ નીતીને જ્ઞાન તો,
કુળ દીપક પ્રગટયા પુરા, લેશ નહી અભીમાન તો. ૩

---

* વડોદરા. † સને ૧૮૪૪.

હરીગીત છંદ.

કીધું કઠીન તપ શંકરે, શ્રી રામચંદ્ર પ્રભુ તણું,
શ્રી બદ્રિકાશ્રમમાં રહી, એકાગ્ર ચિત્તથી ઘણું,
કાંઈ રહેલું શેષ કરવા, પુર્ણ તે કળી કાળમાં,
અવતાર શીવશંકર તણો લઈ, પુર્ણ કીધું હાલમાં. ૧

ઉઠી પ્રભાતે રામ જપતા, સરીતા ત્રટમાં જતા,
સ્નાન સંધ્યા નિત્ય તર્પણ, તે સ્થળે કરતા હતા,
જળ પાત્ર ગંગાનું ભરી, શુદ્ધ વસ્ત્ર અંગે તો ધરી,
ધ્વની મુખથી ઉચ્ચારતા, જય રામ જય જય શ્રી હરી. ૨

દેવ પુંજા શાસ્ત્ર વીધીથી, કરી સ્તવનો બહુ જપે;
ગાયત્રી કેરી મંત્ર માળા, નિત્ય નીયમથી કરે,
ભાષણ કરે ના અન્ય સાથે, જ્યાં સુધી પુંજા વિશે,
દેવ દર્શન જાય પછીથી, નિત્ય નિયમ એ દીસે. ૩

જમી જાય પછીથી નોકરીપર, શુદ્ધ ચિત્ત તે કરે,
આદરે અન્યાય કદી ના, સર્વ પર અમી દ્રષ્ટીએ,
રાજા પ્રજા રાજી રહે ત્યમ, કામ સમજીને કરે,
કંટાળતા નવ ક્રોધ કરીને, શાન્તતા ચિત્તમાં ધરે. ૪

ઓપીસરો રાજી થઈ, આપે અતી શાબાશી તો,
તાલુકદાર સમાજ સરવે અંગ, ખુશી પ્રકાશી તો,
થાતાં રીટાયર સુધી તો, નીજ કાર્ય કીધું એ રીતે,
યશ પામીયા જગમાં ઘણો, આશીષ આપે સહુ પ્રીતે. ૫

મનહર છંદ

ગુજરાત પ્રાંત વિશે, સ્થાપ્યું ખાતું સરકારે,
તાલુકદારના હીત, માટે યોગ્ય ધારીને,
ઘરાવ્યું સેંટલમેંટ, નામ તો તાલુકદારી,
જમાવીને મટાડી તો, ગ્રાસની ખુવારી તે,
અભણ તાલુકદાર, તણાં સ્ટેરો કરજમાં,
ડુબેલાં હતાં તે સર્વ, દીધાં ઝટ તારીને,
તારાજ તાલુકદાર, હતા તેને સુખી કીધા,
શાહુકાર તણા પંજા, માંથી ઉગારીને. ૧
જેના ફેંસલા ઉપર, અપીલ ન ચાલે તેહ,
પીલ સાહેબ પ્રથમ, ઓફીસર સ્થાપીયા,
પછી પ્રાટ અને કીંગ, રીચી લેલી સાહેબ તો,
બોવી અને પેસ્તનજી, ઓહ્દા તો દીપાવીયા,
યંગહસબન્ડ પછી, મેકા નોકી મહાગુણી,
શંભુપ્રસાદ ને કવીન, યશ તો જમાવીયા,
ભારતનો ભડ ભીમ, ભીમભાઇ કૃપારામ,
છપનના કાળ તણા, ત્રાસ તો મટાડીયા. ૨
ખાતા તણી સ્થાપનાની, સાથે શરૂ નોકરી તો,
શીવશંકરેજ કીધી, પ્રમાણીક રીતથી,
નીમાયા અમલદાર, મેળવ્યો તેઓનો પ્યાર,
જાતે કષ્ટ વેઠયું પણ, દ્રઢ મને પ્રીતથી,
રાખી ડર પ્રભુ તણો, શાન્ત ચિત્તે કામ કર્યું,
થયા ઓફીસરો ખુશી, ચાહે સહુ ચીત્તથી,
રીટાયર થતા સુધી, કમાયા છે કીર્ત્તી ઘણી,
પ્રભુ કૃપા પુરી પામ્યા, સુખી યોગ્ય રિત્તથી. ૩

સોરઠા.

શીવશંકર શીવરૂપ, સંસારી પણ ત્યાગી સમ,
નિષ્કપટી તદ રૂપ, એકાંતીક સ્થળ બહુ ગમે. ૧
શંકર સ્મરણ હમેશ, રામ નામ રટતા ફરે,
શીવશંકર પણ એમ, રામ નામ રસના જપે. ૨
ક્રોધ લોભને કામ, મોહ મત્સર નાશ ફરે,
સાચા સીતારામ, સ્મરણ કરે તજી સર્વનો. ૩
જનક વિદેહી જેમ, સંસારે રહી સેવતા,
જગદીશ્વરને તેમ, શીવશંકર પણ સમરતા. ૪
શ્રી કૃષ્ણે કરી બોધ, પારથને ભારત વિશે,
કરીને ઉત્તમ શોધ, જ્ઞાન દીધું ગીતા વિશે. ૫
તજીને સહુ સંસાર, ત્યાગી થઇ ભજશે મને,
ખુશી થાઉં અપાર, પણ તેથી તો અધીક જે. ૬
સંસારે રહી જેહ, ભક્તી મારી તો કરે,
ઉત્તમ માનું એહ, પ્રોય ભકત મુજને ઘણો. ૭

કવીત.

તજી માત પીતા પત્ની, પુત્ર પુત્રી ભગનીને,
ગાડી વાડી ધન માલ, વન વિશે વિચરે,
વનની ગુફામાં વશી, એકાંતીક ભકતી કરે,
અન્ન ને ઉદક તજી, સદા મને સમરે,
શીર જટા મોટી રાખે, વનકળ અંગ ધરે,
ભસ્મને ત્રીપુંડ ધારી, જાપ જપતા ફરે,
કોઇ વાયુ ભક્ષી રહે, કોઇ પંચ અગ્ની તાપે,
કોઇ જળ વિશે રહે, મુજ મન ના ઠરે. ૧

જેહ સ્થળ જે ના મળે, તેનો ત્યાગ કરે તેમાં,
નવાઇ ન માનો કાંકે, તેહ મળતી નથી,
કહે છે અશકતીવાન, સાધુ હું તો સંસારમાં,
પણ શકતી વીણ કામ, કાજ થાય શા વતી,
સંસારમાં રહી સહુ, સ્મૃદ્ધિઓ પાસે છે પણ,
દ્રઢ મન રાખી તેનો, ત્યાગ થાય જે થકી,
કાર્ય તો સંસારી કરે, સદા ભકતી મન ધરે,
તેહ ભકત પ્રીય ઝાઝો, માનું સદા પ્રીતથી. ૨

સોરઠા.

આવો ભકતી નેમ, શીવશંકરમાં ભાળીયો,
ધન્ય એમનો પ્રેમ, રામ નામમાં સર્વદા. ૧

યુવક મંડળ સર્વ, દેખી આ દ્રષ્ટાંત તો,
તજીને મનનો ગર્વ, વૃત્તી ઉત્તમ રાખશો. ૨

શીવશંકર સમ આપ, થાશો ગુણીઅલ સર્વદા,
નિત્ય જપીને જાપ, માગું છું હું પ્રભુ કને. ૩

દોહરા.

ભાદરવા શુદ પ્રતીપદા, વિક્રમ શાક બોતેર,
ઓગણત્રીશ અગસ્ટ દીન, સોળ સને ક્રિધ કેર. ૧

હીરો ટોળક દ્વીજનો, શ્રી હરીએ હરી લીધ,
ઉપાય ચાલે નહી જરા, જેહ ગમ્યું તે કીધ. ૨

જનમ્યું તે જાશે બધું, નહી રહેવાનું કોઇ,
સમજુ શાન્ત થઇ રહે, મુરખ રહે છે રોઇ. ૩

શીવશંકર શીવ સમ હતા, વાસ વસ્યા કૈલાસ,
શંકર સેવામાં સદા, ચિત્ત ધરી ઉલ્લાસ. ૪

રામ સ્મરણ રસના થકી, જપતા હતા હમેશ,
રામપ્રસાદે પામીયા, પુત્ર રત્ન બહુ બેશ. ૫

નામ ધરાવ્યું હોંશથી, પોતે રામપ્રસાદ
પીતા સમ સહુ ગુણ છે, જોઇ ધરૂં આલ્હાદ. ૬

સદા સુખી રાખો પ્રભુ, છે એ મુજ આશીષ,
કૃષ્ણ કથે છે કરગરી, ચરણ નમાવી શીશ. ૭

ભાદરવા સુદી તેરશ.

લી. આજ્ઞાંકીત સ્નેહી.

કૃષ્ણરામ ગણપતરામ ભટ્ટ.

ડભાણ તાલુકે નડીયાદના.

સુબોધ સુધાના વિધ વિધ બોધક નિશ્ચયો.

ૐ માનવદેહ ધર્મ અને જાતિવર્ણાદી સંસ્કાર.

બ્રહ્માંડ એટલે જગત્ કે જે પરબ્રહ્મ પરમાત્મા સચ્ચિદાનંદના સ્વપ્રકાશથી અભેદરૂપે પ્રકાશિત છે. અર્થાત્ તે સૂર્ય અને કિરણો સમાન એક બીજે ભાવ ઓત પ્રોત છે-તસ્માત્ ચૈતન્ય ચિંતામણિ પરબ્રહ્મ પરમાત્માના વ્યાપકપણામાં આ સર્વ જીવાત્મારૂપી આભાસ ભિન્ન નથીજ. વિદ્યા અવિદ્યાના પ્રભાવમાં આ પરબ્રહ્મ પરમાત્માને વિશે ઇશ્વર અને જીવ એમ સમજાય છે. પણ તે સત્ય સ્વરૂપ નિત્ય મુકતપરમાત્માજ છે. આ વાત મહાત્મા સંત પુરૂષોના દૃઢ સમાગમમાં કોઇ વીરલા જીજ્ઞાસુ ભકતજનો જાણે છે—સૃષ્ટિ વિલાસમાંનો 'ઉત્પત્તિ પ્રલય ભાવ ઈશ્વર સૃષ્ટિના વેદ શાસ્ત્રાનુસાર નિયમાનુભવથી સંત સમાગમમાંજ સમજાય છે. જીવાત્માને આ કોટિ સમજવાની છે-જેથી વાસ્તવિક સ્થિતીનો અનુભવ માત્ર જીવનમુકતોજ જાણે છે-જીવાત્માથી ઈશ્વરાત્મા પર્યંતનો અને ત્યાંથી બ્રહ્માત્મા પર્યંતનો સત્ય, વિચાર, અધિકારી જનોજ કરી શકે છે-જીવ-ઇશ્વર અને બ્રહ્મ-આ ત્રણે શબ્દો ચૈતન્ય સ્વરૂપે એકજ અદ્વિતીય છે. પણ ઉપાધી વિરહીત બ્રહ્મસ્વરૂપને વિશે વિદ્યા (બુદ્ધિ) રૂપી ઉપાધી યોગ કથનમાં તે બ્રહ્માત્માનું અન્ય નામ સ્વરૂપ ઈશ્વર છે. અને અવિદ્યા અજ્ઞાન

બુદ્ધિ રૂપી ઉપાધી યોગ હોવામાં, તેજ પરમાત્મા ઇશ્વર પોતે અનંત તર્ક વિતર્ક યોજનારૂપે અનંત જીવાત્મા સ્વરૂપ છે. આ ભેદ સંત સમાગમમાં, શ્રેષ્ટ શ્રવણ મનનરૂપે ધારણ કરવાથી સમજાય છે.

આ અનંતકોટી પ્રકારથી ભરપુર જગત્ કે જેને વિશે અનંત સ્વરૂપી જીવ સૃષ્ટિ વિલાસ દ્રષ્ટિ ગોચર થાય છે. પણ આ એકજ વસ્તુમાં રજ્જુસર્પવત્ ભાસતી અન્ય દ્રષ્ટિનો ગુરૂ કૃપાથી વિલય થતાંજ તત્ સ્વરૂપે પોતે અખંડ એક સચ્ચિદાનંદ પરમાત્માજ છે. એટલે મુકતજ્ઞાન પ્રકાશનો અનુભવ લેવાનો જીવાત્માનો યોગ તે પોતાની વિસ્મૃત વસ્તુની પ્રાપ્તિના અનુભવ રૂપ છે. અવિદ્યા (અજ્ઞાન) ઉપાધી વડે જીવાત્મા, પોતાના સત્ય બ્રહ્માત્મા રૂપી વસ્તુની વિસ્મૃતી રાખી અહંમમતાદી, જન્મ મર્ણાદી મોટા સંતાપને પામે છે. પંચીકૃત સ્થુલ સૃષ્ટિના નિયમ પૂર્વક આ ઇશ્વર સૃષ્ટિમાં રમમાણ કરનારા જીવાત્માઓના દેહો પંચીકૃત પંચભૂતના સ્થુલ રૂપે દ્રશ્ય થાય છે. અને તેમાં કર્મ સંસ્કારી બુદ્ધિના પ્રભાવ સાથે આત્મ ચૈતન્ય જોડાયેલું જણાય છે. વાસ્તવિક આત્માનો સ્વભાવ અને દેહનો સ્વભાવ બન્ને પ્રથક્ પ્રથક્ એટલે એક અવિનાશી અને બીજો નાશવંત સ્વભાવવાળો છે. નાશવંત માનવો તે પણ અધોવૃત્તિ છે. પણ ખરેખર તો તેજ સ્વપ્ન સમાન મીથ્યા ભ્રમતા છે. પણ આ દ્રષ્ટિ જ્ઞાન અધિકારી જીવાત્માઓને સંત સમાગમમાં ઘણે કાળે સિદ્ધ થાય છે. સંસ્કાર કર્મના બળાબળમાં આ જીવાત્માઓ ભિન્ન ભિન્ન કર્મ ફળ રૂપી દેહ વિલાસને ભોગવતા અને તેના સતત્ સાહંકાર રૂપ વિચારમાં પોતાના આત્મા પરમાત્માની વિસ્મૃતિ લેતાં અવિદ્યા મોહાસાગરમાં

રમણ કરે છે. આ સર્વ સૃષ્ટિની રમત શાસ્ત્ર સિદ્ધાંતથી;સમજાય છે કે આકાશથી પૃથ્વી તત્વપર્યંતને વિશેજ આ સર્વ કલ્પિત મંડાણ સમષ્ટિ વ્યષ્ટિ રૂપે ભાસે છે. પૃથ્વીના ઉત્તમ પ્રદેશમાં ઉત્તમ ભાવ રૂપ જ્ઞાનનો પ્રકાશ અનુભવ રૂપ છે. અને શાસ્ત્ર પ્રમાણ છે. તેથી કર્મ ઉપાસનાના બળ રૂપ. બ્રહ્મચર્ય યાને તપ રૂપ ઉત્તમ પ્રદેશની સંસ્કાર યુક્ત પ્રાપ્તિ તેજ આ ભારત પ્રદેશ છે. જે પ્રદેશમાં દેહ સંસ્કાર સ્થિતી જોડાયા પછી વેદ સનાતન સ્વધર્મની આમન્યાપૂર્વક વેદાન્ત વિચારથી આત્મતત્વની પરીપૂર્ણ અનુભવ શાન્તિ યોગ પ્રાપ્ત થાય. તથા જન્મમરણાદિક ભવાટવી ભેદ બંધન મિથ્યા સમજાતાં વાસના તુટે. તથા જીવ ઇશ્વરની અભેદતા એ સ્વરૂપ બ્રહ્માનંદ નિમગ્ન થવાય. તે પ્રદેશ આ ભારત પ્રદેશ છે. આ અષ્ટ ષષ્ટિ (૬૮) તિર્થથી નિયંત્રીત, પવીત્ર ફળ રૂપ, અને સુખ રૂપ આનંદ પ્રદેશ ભારત છે. આ વાત સર્વ પ્રદેશના જનો જાણે છે કે સર્વ રસાલંકૃત અમૃત ઔષધીમય ભારત પ્રદેશ સર્વ સૃષ્ટિમાં ઉત્તમ છે. આ ઇશ્વરની ઉપકૃત દૃષ્ટિમાં શું ખામી ??? કે જેનો સર્વ પ્રકારનો લાભ સર્વ દેશના જનો લેઈ શકયા છે. ઉત્તમ સંસ્કારીક ભૂમિ જાણી તેત્રીસ કોટી દેવતાઓએ તથા રૂષિ મુનિ આદીએ સ્વર્ગાદીક સમાન સુખનો યોગ પ્રાપ્ત કરવા નિવાસ કીધો છે. પવીત્ર નિર્મળ ભૂમિકા અને પ્રાયશ્ચીતના વિષયરૂપ નિર્મળ ગંગા આદીનું જળપાન-શ્રદ્ધા બુદ્ધિ, દ્રઢ આસ્થા રૂપ સાત્વિક ખોરાક—શાન્તિ સ્વરૂપ હવાવેદ સનાતન ધર્મ માર્ગ રૂપ જાહેર સ્થાનો-બ્રહ્મચર્ય અને સાધન સંપન્નતાના સંરક્ષણ રૂપ-પવીત્ર ધર્માત્મા ભકત સજ્જનોનો સહવાસ—અહોહો શું ભારત પ્રદેશની ઉત્તમતા ??? આસુર પ્રદેશના આસુરી જનોની, સર્વ પ્રકારની સ્થિતીને સુધારનાર અને નવનવીન કલાકૌશલ્યથી

જાગૃતી આપનાર આ ભારત પ્રદેશ રૂપી સવિતા સર્વકાળે સ્વ-પ્રકાશિતજ છે-પણ સિદ્ધાંતમાં સડો લાગવા રૂપ અન્ય આસુરી પ્રકૃતિના જનોના સમાગમમાં દેહાધ્યાસ વધતાં વધતાં આ પરતંત્ર અને અધમ સ્થિતિ જે અત્યારે દેખાય છે તે વાસ્તવીક તો નથી. આભ્ર રૂપી મળ છાએલો છે. તે સમાન પવન લેહેર સ્વરૂપે આ ભારત પ્રિયજનો નિત્ય નિયમને વિધીપૂર્વક આદરવા પ્રયત્ન ધારે તો પુનઃ ભારત પ્રદેશ રૂપી સવિતા સ્વયંપ્રકાશમાન સમજાય.

આ સિદ્ધ ભૂમિકાના જાતી વર્ણાદીક સંસ્કારોને સમજાવનાર **જે વેદ ધર્મ** તે સર્વ પ્રદેશમાં સર્વથી જુનામાં જુનો મનાયોછે. આ વેદ સનાતન સ્વધર્મમાં આ આર્ય જીવાત્મા બંધુઓના કર્મ ગતિના પ્રભાવરૂપ સમજાતો જાતી વર્ણાદીક આચાર તે ચાર પ્રકારે સમજાવેલો છે. ૧ બ્રાહ્મણ, ૨ ક્ષત્રીય, ૩ વૈશ્ય, ૪ શુદ્ર અને અન્ય વર્ણાદીક સંબંધે પણ સમજાવેલું છે. સૃષ્ટિના આદિકાળમાં ઇશ્વર સ્વરૂપેજ વેદ છે. તેમાં મંત્ર જાપ, અને મંત્ર અર્થ રૂપે ઇશ્વર અથવા વેદનું ઐશ્વર્ય સુપ્રસિદ્ધજ છે. તે મંત્ર શ્રદ્ધાના અનુ-ષ્ટાની તથા સુક્ષમમાં સુક્ષ્મ બુધ્ધિના આત્મવિચારવાન અનુભવી સજ્જનો જાણે છે. પરબ્રહ્મ પરમાત્માના વૈરાટ શરીર સ્વરૂપ ઇશ્વર (પ્ર) વેદમાં અવ્યાકૃત અંગ રૂપ ચાર જાતી અને રોમ-રોમાંચ સ્વરૂપ અન્ય જાતી સજાતી વિજાતી વાદનો પ્રભાવ છે. વેદવિધીયુકત ઉત્તમ કર્મોના પુન્ય ફળરૂપ આ જાતીવર્ણાદિ વેદનો અધિકાર માત્ર બ્રાહ્મણ ક્ષત્રીય અને વૈશ્યના દેહરૂપેજ સમજાય છે. જેથી વેદ સંસ્કારો યુકત રહેવા બ્રાહ્મણ ક્ષત્રીય અને વૈશ્યને ફરજ રૂપ છે—"બ્રાહ્મણ" શબ્દની સંપૂર્ણ અર્થ સત્તાવેદથી પ્રકા-

શાત થાય છે કે **ब्रह्मवित् सएव ब्राह्मणः ।** અર્થાત્ બ્રહ્મપરમાત્માને જાણવાને સર્વ ક્રિયાથી યુકત એટલે સંસ્કારયુકત—જાતી કર્મ આદિથી પણ બ્રાહ્મણ—અને જ્ઞાન પ્રભાવરૂપ બ્રહ્મને જાણવાપણાથી પણ બ્રાહ્મણ—એવી ઉભય સમાન સત્તારૂપ તે "બ્રાહ્મણ" છે. અને તેનું પ્રમાણ માત્ર શુદ્ધ ઉચ્ચારજ પ્રસિદ્ધ છે. વેદશાસ્ત્રાદિકના પઠન પાઠનાદિક ક્રિયાનો સંપૂર્ણ બોધાધિકાર બ્રહ્મવિત્ સત્તાથી માત્ર બ્રાહ્મણોનોજ છે. જેથી વર્ણાદિકને વિશે બ્રાહ્મણોનું ગુરૂત્વ માન્ય છે. એટલે ક્ષત્રીય વૈશ્યાદિક જીવાત્માઓએ વેદકર્મ બ્રાહ્મણોથી ધારણ કરવું. તો તે વિધિવત્ થવામાં ફળરૂપ છે. જેનો વેદ ભણવાનો અધિકાર ગણ્યો નથી એવા શુદ્ર જાતીના ભકતોએ સેવા કરવી. એજ ઉત્તમ પ્રકાર છે. કેમ કે ભકિતજ્ઞાન મર્યાદા સ્વલાભાર્થે સાચવવા આ શુદ્રાદિક સર્વને આજ્ઞારૂપ છે. પોતાના જાતી સંસ્કારની મર્યાદા સાચવનાર શ્રેષ્ટ પદને પામે છે.

વેદશાસ્ત્રની મર્યાદાએ અમુક કાળથી અમુક કાળ પર્યંતના આશ્રમ ધર્મ અંગિકાર કરવા. એ દ્વિજાતી બંધુઓનુ ઉત્તમ ભૂષણ છે. અમુક આશ્રમ ધર્મમાં અમુક નિયમોનું વર્તન શી રીતે હોવું જોઇએ. તે સંબંધે માહાત્મા સંત પુરૂષોના સમાગમમાં શુભેચ્છાવાન પવીત્ર નિતીમાન, બ્રહ્મચર્યને સાચવનાર, ભક્ત જીવાત્માજ સત્ વિચાર કરે છે—બ્રહ્મચર્યાશ્રમ માત્ર વિદ્યાભ્યાસ પુરતો છે. તેની મર્યાદા એવી છે કે બ્રાહ્મણના બાળકને આઠથી બાર વર્ષની અંદર, ક્ષત્રીયના બાળકને બારથી સોળ વર્ષની અંદર, અને વૈશ્યના બાળકને સોળથી વીશ કે ચોવીસ વર્ષની અંદર, ઉપવિત આપવામાં આવે છે. અને

ઉપવિત્ પછી બાર વર્ષ પર્યંત દ્વિજાતીના બાળકે વેદ, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણ, ઇતીહાસ, આદી બ્રહ્મવિદ્યા સંપાદન કરવી- યથા સંસ્કાર વિદ્યા પ્રાપ્તિકાળ પછી ગ્રહસ્થાશ્રમ ભોગવવાની ઇચ્છાએ સ્વજ્ઞાતિની કુલવાન, રૂપવાન, ગુણવાન, યોગ્ય વયની કન્યા સાથે લગ્ન કરવું. લગ્નકાળ પુરૂષનો વીશ વર્ષનો, અને કન્યાનો દશથી બાર વર્ષનો યોગ ગણાય છે. ગ્રહસ્થાશ્રમમાં વર્ત્તવા યોગ્ય વેદશાસ્ત્ર સ્મૃતિની મર્યાદા રૂપ ધારા બ્રહ્મચર્યાશ્રમના વિદ્યાભ્યાસમાં જાણેલા છે. તેથી વિરૂદ્ધ ધર્માચરણ વર્તન રાખવું નહીં. સત્ય ધર્મનિતી વ્યવહાર એક સમયે સમજાયા પછી તે ભુલી જવાતા નથી. પણ યૌવન અવસ્થાના મદથી તથા સ્ત્રી ધન વિગેરેના મત્સરથી કામ ક્રોધાદિ અહંકાર વૃત્તિને આધિન થઇ જવાય છે. કારણ જીવભાવની અવિદ્યા (માયા) અંધકાર ઘણા કાળથી છે. અને આશ્રમ અવસ્થા વખતે મસ્તાઇ ભર મ્હાલવા પણ લાગે છે. માટેજ આ ગ્રહસ્થાશ્રમના વિષય વાસના રૂપ બંધન કાળમાં મોહને આધિન ન થવાય, તેને માટે વખતો વખત બ્રહ્મચર્યમાં પ્રાપ્ત કરેલી બ્રહ્મ વિદ્યાનું મનન અતી શ્રેષ્ટ શ્રદ્ધાથી કરવું. મોહિત સ્થિતીના યોગમાં દેહ પરાધીનતા પ્રાપ્ત થતાં ધર્મ, કર્મ, ભક્તિ અને બ્રહ્મજ્ઞાન સંબંધી તથા વિવેક વૈરાગ્યાદીક સાધન સંપન્નતાની જાગૃતી બહુ સાવચેતી સાથે રાખવાની જરૂર છે. અને તેટલાજ માટે આ આશ્રમના અંગીકારની સાથેજ સંત સમાગમનો અંગિકાર સદ્‌ગુરૂ ભાવનાએ કરવો જોઇએ. માહાત્મા બ્રહ્મનિષ્ટ બ્રહ્મશ્રોત્રિય અર્થાત્ વેદશાસ્ત્ર સ્મૃતિ સિદ્ધ દેહ ધર્મના જ્ઞાનનો, યથાર્થ બોધ બતાવનાર, તથા પોતાના બ્રહ્મ સ્વરૂપના સાક્ષાત્કાર યોગથી પોતાની જીવન મુક્ત સ્થિતીએ કેવળ પોતાના દેહને જગતોપકારાર્થે જાણનાર, સંતના

સમાગમમાં-નિત્ય દેહાધ્યાસ વિલયના અને ભક્તિ જ્ઞાનમય બ્રહ્મ-વિધાની પ્રાપ્તિના સદ્દબોધથી મોહ દુઃખ, વિટંબના-ચિંતા-કલેશ-દ્વેશ-નિંદા, કામ, ક્રોધાદિ અનેક પ્રકારના કષ્ટની શાન્તિ રહે છે, અને જન્મ મર્ણના મોટા શોકના ભયથી પોતાના આત્માને નિર્ભય જાણી વૈરાગ્ય ધારણાથી સર્વ વસ્તુને વિશે વિષ્ટા સમાન ભાવનાએ નિર્મોહી થઇને સંતોષ દયા—ક્ષમા સત્ય-પવીત્રતા અને દીનતા ભક્તિના પ્રભાવે માહાન્ આનંદ ભુક્તમાન કરે છે. સંત સમાગમની મહત્તા એવી છે કે, જો સત્ય શ્રદ્ધાથી અને દ્રઢ આસ્થાએ યથાર્થ કર્મ, ઉપાસનાથી અને સાધન સંપન્નતાથી દંભવૃત્તિનો ત્યાગ કરી સદ્દગુરૂ આજ્ઞાને માન્ય કરી પોતાનું વર્તન રાખે, તો વ્યવહાર કાળને યથાર્થ સાચવી બ્રહ્મજ્ઞાન વૃત્તિથી જાગૃત રહેવાય છે. જેથી જીવન મુક્ત સ્થિતીનો અનુભવ જલદીથી પ્રાપ્ત થતાં જન્મ મર્ણના મોટા ભયમાંથી બચે છે. વાસના નિર્મુક્ત થતાં પાપ પ્રાયશ્ચીતથી વિલક્ષણ આત્માને જાણે છે. આ તે કેવો મહિમા ! ! ! એટલાજ માટે ગ્રહસ્થાશ્રમ ભુક્તમાન કરનાર દ્વિજાતિ બંધુઓએ ગ્રહસ્થ આશ્રમની આદિમાં તેવા બ્રહ્મનિષ્ટ પુરૂષોનું સદ્દગુરૂ ભાવનાએ શરણ ઇચ્છવુંજ ઉચિત છે.

પ્રથમતઃ—શિક્ષણ સ્વરૂપે સ્વદેશી કે રાજ્ય ભાષા શીખવવાને જેમ શિક્ષકની જરૂર છે, તેમ આશ્રમ ધર્મમાં મોહ પરાધિન થતાં સત્ય ધર્મ ભક્તિ જ્ઞાન પરીવર્ત્તન સમયે, ધર્મ શિક્ષક સદ્દગુરૂ સંતની અવસ્ય જરૂર છે. વ્યવહાર રૂપે માતા પિતા પણ ગુરૂ, પોતાનાથી વડીલ બંધુઓ પણ ગુરૂ, તથા ઉપવિત્ સંસ્કાર આપનારા શુકલ કર્મ આચાર્ય તે પણ ગુરૂ

છે. તેમાં કન્યાદાન આપનારા તથા સુનિતિ, સન્માર્ગ, સદાચરણ, આદી વ્યવહાર સુધારનાર તે પણ ગુરૂ છે. કાવ્ય, કળા, હુન્નર, આદિક દેશોન્નતિને ઉત્તેજન આપનારા પણ ગુરૂ છે. તેમ આ સર્વના અંતમાં ધર્મ શિક્ષણ આપનારા ધર્માધ્યક્ષ અથવા આચાર્ય-તે પણ ગુરૂ છે. એવી ગુરૂ ભાવના પોતાના દરેક સ્વરૂપે કલ્યાણ અને સ્હાયતા રૂપ--આશ્રયમય દેખાય છે-પણ આ સર્વ પ્રકારની ગુરૂ સંજ્ઞા માત્ર દેહ વ્યવહારનેજ સ્હાયતા રૂપ છે. વાસ્તવીક તો આ જીવાત્માઓ, જે કારણને માટે-આ મનુષ્યાવતારના વેદાધિકારી દેહથી પોતાને જાણે છે, તેજ શરીર મોક્ષ જ્ઞાન પ્રાપ્ત કરવાના હેતુને સાચવવા રૂપેજ છે જેથી આ વ્યવહારીક પ્રસંગનો ઉપર બતાવેલો લાભ રૂપ ગુરૂભાવ—મોક્ષ માર્ગ શીક્ષણના શિક્ષક તરીકે નથી, પણ મોક્ષ માર્ગના હેતુ રૂપ બ્રહ્મજ્ઞાન બુદ્ધિ જે સદ્‌ગુરૂ સંત માહાત્મા જીવન મુક્ત પુરૂષોના સુબોધમાં સચવાય છે-અને પોતાના નર જન્મનું સાફલ્ય પણ સમજાય છે. એવા બ્રહ્મનિષ્ટ તત્વવેત્તા માહાત્માને સામ્રાજ્ય પદ સ્વરૂપે “ સદ્‌ગુરૂ ” વર્ણવવામાં આવે છે—તેઓ સત્ય હેતુ રૂપજ ગુરૂ છે. આવા માહાત્માઓના સંબંધમાં દેહની વિષમય વિષય વાસનાનો સંપૂર્ણ વિનાશ થાય છે. ઊંચ શિક્ષણ અલંકારથી ભૂષિત બુદ્ધિના વિલાસી પરમ ભક્ત રાજ અધિકારી જીવાત્મા, આ ગ્રહસ્થાશ્રમના મધ્ય કાળમાં ઉપર વર્ણવેલા તત્વવેત્તા સંત સદ્‌ ગુરૂનાજ શરણમાં રહે છે. જેથી યથાર્થ ધર્મ, કર્મ, ભક્તિ સ્વરૂપને જાણી. બ્રહ્મજ્ઞાન જેવા અપરોક્ષ અનુભવને સરળતાએ કેળવી શકે છે.

સદ્‌ગુરૂની ભાવના એવી રીતે ધારણ કરવી કે—પ્રથમ તો

તે સર્વ વર્ણને ઉપદેશક સ્વરૂપ બ્રાહ્મણ કુલના કર્માધિકારી હોય તથા વેદ શાસ્ત્રાદીના યથા સંસ્કાર અનુભવ જ્ઞાનથી જાગૃત હોય. પોતાના દેહના સંસ્કાર રૂપ સનાતન ધર્મની આમન્યા પોતે અંગિકાર કરતા અને અન્ય ભક્તોને આમન્યા અંગીકર કરાવવા સુબોધ કરતા જણાતા હોય. વિવેક વૈરાગ્યાદિક સાધનોથી પૂર્ણ અભ્યાસી અને કર્મ ઉપાસનામાં દ્રઢ આસ્થાવાન જણાતા હોય. પોતાના બ્રહ્મ સ્વરૂપને જાણવા વડે પોતાની બાળચેષ્ટા સ્થિતીના અનુભવને જાળવી સર્વમાંથી રાગ દ્વેશનો ત્યાગ કરી, માન અપમાનનો વિધ્વંસ કરી, સુખ દુઃખાદી સમાન દૃષ્ટિના યોગે પુરૂષ અને સ્ત્રી તથા બાળક પશુ પક્ષી જડ ચૈતન્યાદી સર્વ સ્થળમાં સર્વરૂપે પણ પરમાત્મા જ છે, એમ જાણી શેષ સંસ્કારો ભુક્તમાન કરતા હોય એમ જણાય—સ્વાર્થે પરમાર્થે અભેદ દૃષ્ટિના વિચરનાર મુક્ત યોગિઓ પોતાના દેહને કેવળ જગતોપકારાર્થેજ જાણી આ જગતના કર્મ જ્ઞાનાધિકારી સજ્જનોને સુબોધનો મોટો ઉપકાર કરે છે. મુક્ત જ્ઞાન માર્ગના રસીલા, તે બોધના ઉપકારનો ભાવ સ્નેહ અને અભેદ વિશુદ્ધ પ્રેમરૂપે માન્ય કરે છે. બ્રહ્મચારિ સ્વરૂપે, સંન્યાસી સ્વરૂપે, હંસ પરમહંસ, સ્વરૂપે, વૈરાગી સ્વરૂપે કે એવા અનેક પ્રકારવડે સંત પુરૂષો જણાય છે. અર્થાત્ એવા બ્રહ્મજ્ઞાની જીવનમુક્ત માહાત્માઓને માટે વ્યવહારમાં વધારે સરળ રૂપ શબ્દ માત્ર “સંત” છે. વેદશાસ્ત્રાધાર સદગુરૂ સંત પુરૂષોના સમાગમથી સમજાય છે કે વેદવિધિ યુક્ત ચારે આશ્રમ ફક્ત બ્રાહ્મણોજ પાળી સંન્યાસ ગ્રહણ કરી શકે છે. ક્ષત્રીઓ ત્રણ આશ્રમ અંગિકાર કરે. અને વૈશ્યોએ બે આશ્રમ ધારણ કરવા, શુદ્રને સેવાજ કરવી. એજ પરમ ધર્મ છે.

દ્વિજાતિ વર્ગની ઉત્તમ કુલવાન બાળાઓ પોતાના વેદ સનાતન ધર્મની મર્યાદાને યથાર્થ સાચવવા પ્રયત્ન ઇચ્છી પુજા સ્તુતી પાઠાદીક કર્મથી જાગૃત રહેવા વેદ આજ્ઞા માને છે. અને પોતાના સ્વામિની સાથે રહી યજ્ઞાદિક કર્મ પણ કરી શકે છે. વિવેક વૈરાગ્યાદિક સાધનં સંપન્ન સ્વામિના સદગુણનો આશ્રય પામી ભક્તિ જ્ઞાનથી જે સ્ત્રીઓ જાગૃત નથી, તે પોતાના માનવ ધર્મને લજાવે છે. ભકતી જ્ઞાનને માટે સ્ત્રી વર્ગને પણ શ્રવણ મનનાદીકથી જાગૃત રહેવાની જરૂર છે, તેથી પોતાના સ્વામિની સાથે સદ ગુરૂ ભાવનાએ સંત સમાગમ કરવાને સર્વ હક સરખો છે. સ્વામિના અભાવે પોતાના વડીલાત્મા સહ વર્તમાન સંત સમાગમમાં દાખલ રહેવું. પોતાના મનોનિગ્રહથી અને ઇંદ્રિય નિગ્રહથી ઉંચ જાગૃતી હોય તથા સદગુરૂની સેવામાં કર્મ ઉપાસનાથી શ્રેયસ જાગૃતી હોય. અને વિવેક વૈરાગ્ય વૃત્તિ સર્વ જગતનો વિધ્વંસ ઇચ્છતી હોય તો સંત સમાગમથી શ્રેયસ જ્ઞાન પ્રકાશ પામી શકે છે—એવો ઉત્તમ કુલવાન દ્વિજાતિ બાળાઓનો પરમ ધર્મ છે. વેદ ધર્મના અધિકારી (પુરૂષ કે સ્ત્રી) જનોએ સદગુરૂ અંગીકાર કરતાં અન્ય જાતીની ભાવના વડે ક્ષોભ થાય નહિં તેટલા માટે તેવા જીવન મુકત માહાત્માઓને સદગુરૂ તરીકે માન્ય કરતાં પહેલાં તેઓ બ્રાહ્મણ કુલદિપક હોય તોજ અંગીકાર કરવા. અને તેટલાજ માટે શ્રીમત્ જગત્ ગુરૂ શ્રી શંકરાચાર્યની ગાદીના બ્રાહ્મણજ કુલના વિદ્વાન, પંડિત, આચાર્યને યથાર્થ તત્વનિષ્ટ જાણી સદગુરૂ કરવા—અને તેમનેજ શરણ રહેવું. વળી તત્વ જ્ઞાનીઓ વ્યવહારથી " પર " એટલે શ્રેષ્ટ છે. માટે વેદાન્ત જ્ઞાનના બોધથી બ્રહ્મજ્ઞાન પ્રસરાવનાર જો દેહાધ્યાસમાં આરૂઢ મોહિ, વિષયિ, હોય અને સ્ત્રી પુત્ર આદીના

દેહાધ્યાસમાં આરૂઢ મોહિ, વિષયી, હોય અને સ્ત્રી પુત્ર આદીના સંરક્ષણરૂપ અહંવૃત્તિથી લોભ, તૃષ્ણા યુક્ત હોય તથા નિષ્કર્મ સ્નાન આદિ ષટ્કર્મમાં અશ્રદ્ધાળુ હોય તથા પરબ્રહ્મ પરમાત્મા સચ્ચિદાનંદ ૐકારનાં પંચાયતન (ગણેશ–શિવ–વિષ્ણુ–સૂર્ય–શક્તિ)ની યથાવિધિ ઉપાસના દ્રઢ આસ્થાગાં સદ્‌ગુરૂ સંત બ્રહ્મવેત્તા મહાત્માઓનો સમાગમ અથવા સદ્‌ગુરૂ ભાવનામાં નિરાભિમાનત્વે ચીત્તની શાન્તિ ન થઈ હોય જેથી ઉપાસના વિષયમાં તેવા શુષ્ક વેદાન્ત વિલાસીને ઉપાસના કરતાં અને તત્ પ્રેમ મર્યાદાની ભક્તિ સાચવતાં અને સચવાવતાં મર્યાદા (લજ્જા) આવે છે અને હુ બ્રહ્મસ્વરૂપ છું તેથી મને વાસના યુક્ત પણ દેહ વિલાસના અયોગ્ય કર્મનો બાધ લાગતો નથી આવા વિચારોથી વ્યવહારમાં નિષેધ રૂપ કર્મ દેહથી થાય, અને પ્રેમભક્તિ ઉપાસના ન થાય એ કેવું કહેવાય ? બ્રહ્મજ્ઞાનથી જાગૃત પુરૂષો પોતાના શેષ પ્રારબ્ધ ભોગવતા દેહને જગત્ ઉપકારાર્થેજ જાણે છે. તો માહાત્માજનોની મર્યાદાના માર્ગમાં વહન કરનાર પોતાના આ દેહથી કર્મ, ઉપાસના અને બ્રહ્મજ્ઞાન વિદ્યાની સમાન જાગૃતી શા માટે ના આપે ??? જો બોધ કરવા ઊભા રહ્યા જણાતા હોય તો યથાતથા કર્મ, ઉપાસનાના અધિકારીને જીવ ઈશ્વરની કોટિની કર્મ, ઉપાસનાનો બોધ તથા જ્ઞાનાધિકારીને આત્મ પરાયણ અભેદ સ્થિતીનો બોધ શા માટે કરવો ??? કર્મ ઉપાસનાથી પૂર્ણરૂપ જ્ઞાનની પરીસિમા ઉપર જનાર, કર્મ ઉપાસનાથી ભ્રષ્ટ શી રીતે થાય છે ?? અંતઆશ્રમ ધર્મની મર્યાદાએ ભલે તેમ થાઓ તો પણ કર્મ (અંતરંગ) ઉપાસનાનો તો અભાવ થતોજ નથી. કેવળ જગતના ભાનથી અભાન થશે તો પછી વ્યવહાર ક્યાં અને બોધ પણ ક્યાં ??? માટે આવા આધુનિક સમયમાંના

વેદાન્તના શુષ્ક અને એક દેશિય બોધથી માન્ય કરેલી શિષ્ય ભાવના સપૂર્ણ ફળીભૂત થઇ શકેજ નહીં–અર્થાત્ કર્મ ઉપાસના શિવાય મળ, વિક્ષેપ, દોષ નાશ ન થાય તો આવરણનો એકદમ નાશ શી રીતે થાય કે બ્રહ્મજ્ઞાન સ્વપ્રકાશ થાય ??? સૂર્યમાં ઉષ્ણતા છે. જેથી તેનો જેના ઉપર પ્રકાશ પડે તે સર્વને તાપથી ઉષ્ણતા લાગેજ લાગે. તેમ જે બ્રહ્મજ્ઞાની હોય તેમના સમાગમમાં તેમના ધર્મ, કર્મ, ઉપાસના સદ્‌ગુણ સંપન્નતા–સાધન સંપન્નતા–આદિ સદ્‌વૃત્તિઓનો ત્યાગ વિરાગ રૂપ સદ્‌બોધ લાગેજ લાગે. અને અતી ભક્તિવાન જણાય–માટે સર્વાંશે વિચાર કરીનેજ સદ્‌ગુરૂ શરણ રહેવું શ્રેયસ્કર છે.

એકજ વેદ સનાતન ધર્મના અનુયાયી આચાર્યોએ કંઇક અંશે પોતાના વાડા બાંધ્યા જેવું કરતાં નીતિધર્મની કંઇક જાગૃતિ જેવું માનીએ છીએ. પણ આ વાડાઓના બંધારણમાં કેવળ જડબુદ્ધિ બળનો આગ્રહી ભાવ જે ઉત્પન્ન થાય છે. તેથી એક વેદધર્મની સત્ય મર્યાદાને અતી હાની પોહોચતી સમજાય છે. માટે વાડાનું બંધારણ રહે તો ભલે રહે, પણ તે તે નામની ભક્તિથી પણ સર્વ પરમાત્મા પરબ્રહ્મ ૐ કાર સચ્ચિદાનંદનેજ માન્ય છે એમ સમજે તો શીવ વિષ્ણુ–રામાનુજ કે માધવી તથા સ્વામી નારાયણ કે નૃસિંહાચાર્ય–થીઓસોફી આદી જુદા ઝઘડાનો આગ્રહી મતથી વિરોધ થાય નહીં તો વેદ ધર્મના સત્ય શોધક બ્રહ્મવિત્ પુરૂષોનો સમાગમ કરવાનો પણ વિરોધ રહે નહીં તેમ કોઇ એક વેદ ધર્મની મર્યાદાનું ધર્મકાર્ય સાચવનાં સર્વ બંધુઓ એક મતે જેવો જોઇએ તેવો ધન વીગેરેથી આશ્રય આપતાં પોતાના મતામતનો આગ્રહ પણ કરે નહીં; એમ સત્ય વેદધર્મની એક મર્યાદાનું વર્તન જુના સમય પ્રમાણે સર્વાનુમત ચાલે તો આ દરેક મતવાદીઓનો આગ્રહ નાબુદ

થતાં આ દે ની ઉન્નતિ અને આત્મતારૂપે સંપ વધે. સ્વદેશ અને સ્વધર્મની ઉન્નતિ ઇચ્છિનાર આત્મબંધુઓ પોતાના એક વેદ સનાતન સ્વધર્મને આવી રીતે સન્માન આપે તો સત્ય મર્યાદામાં મતામતનો આગ્રહ ન થતાં વેદવિદ્યાની સારી જાગૃતી થાય.

અન્નને વાસ્તાં જાગૃત્તિની જરૂર છે. તેમ આશ્રમ ધર્મ અંગિકાર કરતાં બોધ રૂપ વૃત્તિની જરૂર છે. કારણ આત્મા બોધરૂપે છે. માટે બોધ શિવાય આત્માનું જ્ઞાન થઇ શકે નહિ; તો દરેક જીવાત્માને સદ્બોધની જરૂર છે, પામર, વિષયી અને અધિકારી, ત્રણે પ્રકારના જીવાત્માને અનુક્રમે બોધ સમજાય છે. પામર જીવાત્માને સ્વભાવથીજ કર્મના બોધ ઉપર આસ્થા રહે છે અને અનુક્રમે કર્મ કરીને અંતે ઉપાસના ઉપર આવે છે. તેમ વિષયી જીવાત્માને સ્વભાવથીજ પશ્ચાત્ કાળના કર્મ પ્રભાવે આ સમયે ઉપાસનાના વિચાર ઉપર આસ્થા રહે છે. અને તેમાં પણ અનુક્રમે પૂર્વ પૂર્વ પુન્ય રૂપે શક્તિની, સૂર્યની વિષ્ણુની, શિવની, અને અંતમાં માહાગણપતિના ઉપાસના આમ થતાં પૂર્ણ બ્રહ્મવિદ્યા તત્વજ્ઞાનને પામે છે. તેમ અધિકારીને સ્વભાવથી જ કર્મ અને અનુક્રમની કોઇ પણ ઉપાસના ઉપર શ્રદ્ધા રહે છે અને આ કાળમાં અતિ જાગૃતીની સાથે વિવેક વૈરાગ્યાદીક સાધન સંપન્નતાની પ્રાપ્તિમાં સદ્ગુણી અને સદાચરણી નિતીમાન સત્યવાદી જીતેન્દ્રિય આદી પ્રતાપ મેળવે છે, અને તત્વનિષ્ટ પુરૂષોના સમાગમથી આત્માના સ્વસ્વરૂપ જ્ઞાન બોધમાં સાક્ષાત્ લક્ષ્યાર્થ અનુભવ પદને પામી મુક્ત થાય છે. આ સમાન રેહેણીની વ્યવસ્થાથી જાગૃત નહોય. અને મત મતાદીક કોઇ આગ્રહ મતને માન્ય આપી, હિંસા, દંભ, પાખંડ, વિશ્વાસઘાત અસત્ય, અનૃત, વ્યભિચાર—ક્ષુસ્વાદ દોંગાઇ-આદી દોષીત વિચારોમાં ગુલતાન રહે તથા સગુણ

નિર્ગુણ સમાન બ્રહ્મનું અવલોકન સંત સમાગમ દ્વારા સત્ શાસ્ત્રોના અનુભવથી રહીત, અંધદ્રષ્ટિએ જીવ બુદ્ધિવડે વિતર્કરૂપ કરી મુર્તિના ખંડન આદી વાદવિવાદમાં મચ્યો રહે. તથા—જેમ વિષય વ્યાપાર વધે, સાભીમાન વધે, મમતા વધે—મીથ્યા શોખ મોહ વધે, અનત આચાર વધે-લોભ તૃષ્ણા વધે, એ એકંદર અનંત પ્રપંચ વધે. રાગ દ્વેશ વધે, એવા કૃત્યમાં ભાગ લે. જગતમાંની મીથ્યા કિર્તિને માટે હજારો પૈસા ઉડાવે અને સત્ય ધર્મની વૃદ્ધિને ખાતર બીલકુલ આશ્રય આપે નહીં. સ્નાન સંધ્યાદિ નિત્ય કર્મ ઉપર વેદ આજ્ઞાની શ્રદ્ધા રાખે નહીં. નૈમીત્તિક કર્મને વ્યવહાર રૂપ માને-ઉપાસના ભક્તિનો બાહ્ય ડોળ રાખે, અને લક્ષ્મી તથા પુત્ર આદી પરસ્ત્રીને વશ કરવાની સિદ્ધિ મેળવવાને માટે હનમાન. બટુક, ભૈરવ, જોગણી, આદી, અનેક ક્ષુલ્લક ઉપાસનાઓની મોટા ડોળની વાતચીત કરવામાં કુશળ હોય. બ્રહ્મજ્ઞાનના વિલાસી સજ્જનો અને મુક્ત સાધુઓની નિંદામાં પોતાની મોટાઈ માને. પ્રજાની ઉત્પત્તિમાં પોતાનું શુરત્વ જાણે. વ્યવહારમાં પહેલો નંબર અને મસ્તાહનો આગેવાન—અધર્મનો મિત્ર અને ધર્મનો કટ્ટો શત્રુ—ઇત્યાદી સત્ય શ્રેણીથી અનેક પ્રકારે અવળુંજ વર્તન રાખે. તેવા નર જ ભગાં માણસરૂપે દેખાતા છતાં પણ ખરરૂપે જડબુદ્ધિવાનજ છે, તેમને આવા સદ્બોધના ગ્રંથો ઉપર શ્રદ્ધા રહેતીજ નથી. અને દેખા દેખી શ્રદ્ધા રાખે તો ફક્ત મોટાઇને ખાતરજ રાખે. તેઓનો આવો રૂડો આવેલો દ્વિજાતિ વેદાધિકારી દેહ આત્મજ્ઞાન ભક્તિના પ્રકાશ વિના નિરર્થકજ જાય છે. માટે આવા સત્ય સદ્બોધને પ્રકાશમાં લાવવા, સાધુજનોની તેમ સદ્બોધની અવશ્ય જરૂર છે.

સદ્બોધના પ્રસારને માટે આ સુબોધ સુધાનો ભરેલો આ-

નાનો ગ્રંથ નિયમોથી નિયંત્રીત પ્રકાશિત થાય છે-તે અધિકારીજ-જનોના સંસ્કારોના ઉદ્‌ભવ રૂપજ છે-ચોમાસાની ઋતુમાં વરસતુ જળ જાગૃત પુરૂષો સમય સુચકતા વિચારી સદ્‌ગુરૂ કૃપાને ધ્યાનમાં લાવી ટાંકારૂપી હૃદય હોજમાં ભરી લેછે. અને અષ્ટમાસ નિરાંતે જળથી તૃપ્ત રહે છે-તેમ આ સુબોધ સુધા છે. દુશ્મનોની હાર-અને મીત્રોનો વિજય-કામ ક્રોધાદી શત્રુઓનો સંહાર-અને સત્યધર્મ કર્મ ઉપાસના સાધન સદ્‌ગુણ, દયા, ક્ષમા, નમ્રતા આદીની સત્યકિર્તિ-સાથેનું અમરત્વ-આ સર્વ આ સુબોધ સુધાનું પાન કરવાથીજ પ્રાપ્ત છે-નાસ્તિકતાનો ધ્વંસ કરનાર આ આસ્તિક સુબોધ સુધા કૃપાણ-શત્રુઓના કંઠમાં ધાઇને સત્વર પ્રવેશ કરે છે-મદ્ય માંસાદીથી બેભાન ચક્ર ઉપર ચઢેલા અજ્ઞાત તામસી ઊછાંછળા અને ઊન્મત્ત જનોને સુબોધ સુધા પીવરાવી વિષ ઊતારનાર આ પરમ ઔષધીનું બળાબળ શુદ્ધ માતાપિતાના યોગથી ઊત્પન્ન થએલા પવીત્ર બંધુઓને જાગૃતિ રૂપ છે. નિયમોની મર્યાદા સાચવનાર અવિરોધી આત્મબંધુઓ હંમેશાં સારથાડી થાય છે.

સંતોષ.

પોતાના દેહના તથા પોતાના દેહના અંગીભૂત સંસ્કારીક દેહી જનોના સંસ્કારથીજ ધન આદિ વૈભવની પ્રાપ્તિ વા અપ્રાપ્તિ છે. તો કર્માનુસાર ધન, સ્ત્રી, પુત્રાદી અનેક પ્રકારના વૈભવ ભોગની પ્રાપ્તિ અપ્રાપ્તિ થતાં વિવેકી ધર્માધિકારી સંત સમાગમ સુબોધ સુધાનું પાન કરનાર ભક્ત સજ્જનો હર્ષ શોકને આધીન ન થતાં "સંતોષ" સ્વરૂપે રહે છે, જેટલો મોહ તેટલીજ તૃષ્ણા છે માટે તૃષ્ણાને બ્હેકવા દેતા

નથી. વેદધર્મની આમન્યા પૂર્વક વ્યવહાર પરમાર્થ સાચવવા ધનની જરૂર પડે છે. પણ તે ધન પ્રાપ્ત કરવાને ધર્મ નિરત સુબુદ્ધિજ લાભકર્ત્તા છે. આ સંતોષનું મુળ છે. વિષય વાસનાના પાશમાં પકડાવું તે પુત્ર તરફના સંતોષને માટેજ છે. છતાં કળી નિયંત્રીત જીવાત્માઓ પાંચ સાત પુત્ર બાળક છતાં પણ વિષય અંધકારમાંથી બહાર નિકળતા નથી. આ સંતોષ જેવા મહાન્ સદ્ગુણને કેવો ડાઘ લગાડે છે ??? તૃષ્ણાની તૃપ્તિ કદાપી પણ થવાની નથી. અને કાળની સમર્થ ચોટ નીચે આ દેહનો ગારો ગુંદાયેલોજ છે. ત્યારે સંતોષ જેવા મહાન્ સવિતાના પ્રકાશમાં શા માટે ન વસવું ??? અસંતોષવૃત્તિ એ દીનતાની સખી છે. દરિદ્રતાની માતા છે. અને લોભની સ્ત્રી છે. જ્યાં અસંતોષવૃત્તિનો નિવાસ છે ત્યાં દીનતા, દરીદ્રતા અને લોભ જેવા દુર્ગંધિયુક્ત નર્ક સ્થાનની પ્રાપ્તિ છે. અને જ્યાં સંતોષ સમાન ચંદ્ર પ્રકાશીત છે ત્યાં ચીત્તચિંતાની શાન્તીથી અતી ઠંડકજ પ્રસરી રહે છે. અને નિર્મળતારૂપી પવીત્ર સ્વધર્માચરણ પ્રકાશને પામે છે, ઉપકારી સજ્જન પુરૂષોના સમાગમમાં સંત પુરૂષોના દર્શનનો અને સુબોધ સુધાપાનનો પરમલાભ પ્રાપ્ત થાય છે. ત્યારે આ સંતોષ કેવો લાભકર્ત્તા છે. તેનો વિચાર સદ્પુરૂષોને કરવાનો છે.

સંતોષ જેવા મહાન્ સદ્ગુણની સાધના સાધવાથી ઇશ્વિર કૃપાનુસાર અનાયાસ સર્વ લાભ પ્રાપ્ત થાય છે. માટે યથા સંસ્કારને માન્ય આપવું ઊચિતજ છે. દેહ મહેનત અથવા બળ પુરૂષાર્થ કીધા શિવાય પ્રાપ્ત થતું નથી. એમ સમજનાર પામર જીવાત્માઓના પ્રારબ્ધ સંસ્કાર હજુ પર્યંત સંતોષ સમાન અમૃત ઔષધીને ધારણ કરવાને યોગ્ય નથી એમ જાણવું.

દયા અથવા આત્મ પ્રભાવ.

આ સર્વ સૃષ્ટિ વિલાસમાં જન. પશુ, પક્ષિ, કિટાદીક સ્થાવર જંગમ-અથવા જડ ચૈતન્યાદિને વિષે સર્વ વ્યાપક પરબ્રહ્મ પરમાત્મા સ્વયંજ્યોતિ સ્વરૂપ પોતેજ અનેક સ્વરૂપે છે. પણ તેજ એક અને અદ્વિતિય છે. જેથી સર્વ જીવાત્મા બંધુઓને વિશે આત્મપરાયણ અભેદસ્થિતી રાખવી એ ઉત્તમ ધાર્મિક જનોનું ભૂષણ છે-સર્વ જીવાત્મામાં આત્મભાવ કે પ્રેમભાવ જો ઉત્પન્ન થાય તો સ્વાર્થ બુદ્ધિ અને નિર્દયતા તથા કુસંપનો સમુળો વિનાશ થાય છે. "દયા" એ સંતસમાગમનો અલંકાર છે-"દયા" એ શુદ્ધનિતિ ધર્મનું વર્ધન છે. "દયા" એ સત્યવાદી પવીત્ર જીવાત્માઓના ઉત્તમ સંસ્કાર સમજાવી આપે છે-વેદ સનાતન સ્વધર્મનું મૂળ માત્ર "દયા" છે ગુન્હો કરનાર જીવાત્માને શિક્ષાના સંકટમાંથી છોડાવવો એ "દયા" નો ખોટો ઉપયોગ કર્યા જેવુંજ છે. અને "ક્રુરતા" ને આશ્રય આપ્યા સમાનજ છે-"દયા" એ એક પ્રકારની સખાવત અને પરમ ઉપકારજ છે "દયા" એજ સદ્દગુણનો સ્થંભ છે.

માંસાહારથી ભ્રષ્ટ થયેલા વેદધર્મના પ્રતિપક્ષી જીવાત્માઓ અનેક જીવાત્માઓની હત્યા સ્વાર્થ બુદ્ધિએ એટલે ઉદર નિમિત્તને ખાતરજ કરે છે પણ તેઓ સમજતા નથી કે પોતાના શરીર ઉપર ઘાત કરનાર પોતાને કેવો પ્રિય લાગતો હશે ? ? પોતાનો દેહ જે અમુલ્ય છે-તેનો વિનાશ કરવો એ કેવો નિશ્વાસ રૂપ છે-તેવોજ સર્વ જીવાત્માને પણ લાગે છે-માટે "દયા"ને ખાતર-આ દેશના પવિત્ર વેદધર્માચરણી દ્વિજાતી બંધુઓ-જીવહિંસાને આદર આપતા નથી, તેમ તેવું કરતાં અટકાવવા કોશીશ પણ કરે છે.

અપકાર કરનાર દુષ્ટ નિર્દય જીવાત્માના ઉપર " દયા " રૂપી છત્રછાયા કરનારને સર્વ જગત નમન કરે છે-નિચ કર્મની શિક્ષારૂપ ન્યાય નિર્દયતા રૂપ ગણાતો નથી.

કોઈ પણ ધર્મમાં જીવ હિંસા કરવાની આજ્ઞા નથી. અને દયા કરવાને સર્વ ધર્મ માન્ય કરે છે. માટે વેદ ધર્મના અનુયાયિઓ " દયા " જેવા સદ્‌ગુણોને પ્રેમથી ધારણ કરે છે.

ક્ષમા.

હમેશાં સખાવતી પુરૂષે પોતાની વસ્તુની નુકશાનીમાં પણ નુકશાન કરનારને ક્ષમા આપવી જોઇએ-જેની પાસે ક્ષમા રૂપી શસ્ત્ર છે તેને દુર્જન પુરૂષો શું કરી શકે ?? ક્રોધની શાન્તી ક્ષમા છે અર્થાત. ક્ષમા સદ્‌ગુણ ધારણ કરવાથી ગમે તેવો ક્રોધ થયો હોય તો તે પણ ઉતરી જાય છે. ઉપાસના (ભક્તિ)માં અનેક એવાં વિઘ્ન જણાય તોપણ દરેક રીતે ક્ષમા ધારણ કરી પવિત્ર નીતિ ધર્મને માન્ય આપવું સજ્જન પુરૂષનો પરમ ધર્મ છે. મહાન્ પવીત્ર જીવ-નમુક્ત પુરૂષોએ આ જગતના પામર, વિષયી જીવાત્મા તરફ ક્ષમાની દ્રષ્ટિએજ જોવું જોઇએ-કારણ બ્રહ્મ દ્રષ્ટિ અથવા સર્વોતમ દ્રષ્ટિનો સ્વાનુભવ તેમની જીવ બુદ્ધિથી તેમને થઇ શક્યો હોતો નથી. તેથી વખતે સામ્રાજ્ય સલક્ષણ યુક્ત સ્વતંત્ર વિચરણ વાળા આત્મદર્શિ પુરૂષોને હરકોઈ રીતે વખોડી વખતે નિંદાના નર્ક રૂપ ઢગલાને ઉંચકે છે-આત્મદર્શિ પુરૂષો આવે સમયે અતિ ક્ષમા સાચવી, અનેક રીતે મોટા પાપથી બચાવવા સુબોધ કરે છે ખરા-પણ અતિ મલીનતા

અને અપરાધ રૂપ જીવાત્માના કઠોર હૃદયમાં તે સુબોધ સુધા પ્રિય લાગતીજ નથી. જેથી વખતે ક્રોધ કે માનસિક શાપ વૃત્તિ, એવા નઠારા અને ક્રુર જન ઉપર ઉત્પન્ન થાય છે તે ન થવા દેવું જોઇએ. કારણ સર્વ આત્માજ છે. તેથી કોના ઉપર ક્રોધ કરવો??? અજ્ઞાન અંધત્વમાં બેભાન સ્થિતીના જનો ગમે તેવો અપરાધ કરે તો પણ ક્ષમા કરવી એવી સ્વભાવિક વેદધર્મની આમન્યા પાળી આત્મ પરાયણ રહેવું-આવા નિચ બુદ્ધિના જીવાત્માઓના ઉપર ધાર્મિક શ્રદ્ધાવાનજનો પણ ક્ષમા ધારે છે.

સત્ય.

વેદશાસ્ત્ર સ્મૃતિ રૂપુરાણ આદીની શબ્દ રચના ઇશ્વર આજ્ઞારૂપ "સત્ય" છે. અને તત્ પ્રમાણ યુક્ત પોતાની સત્ય વર્તણુક રાખવી. એ વેદાધિકારી જીવાત્માઓની પરમ ફરજજ છે, અર્થાત્ "સત્ય" એજ પૂર્ણ મહત્તા છે. વ્યવહાર ધર્મનિતિ પણ વેદનાં સત્ય વચનોને આધારે મનુએ રચેલી છે. આદિ જે સ્મૃતિઓ છે, તે સર્વ પણ વેદનાંજ "સત્ય" વચનોનો પ્રભાવજ છે. "સત્ય" વાકયોની મર્યાદાનો ભંગ કરી મિથ્યા દેહાભિમાની જનોએ અધર્મ અનિતિભર પ્રપંચથી ભરપુર વ્યવહાર ધારી ધનવાન થવા કે સ્વાર્થ સાધવા વિચાર્યો તો ખરેખર ઇશ્વરનો અપરાધજ કીધો !!! મિથ્યાનો વ્યવહાર પણ અસત્ય સ્વરૂપ અને દુઃખરૂપ કરવાનો પામર જીવાત્માનો નિશ્ચય કેવો દેખાય છે?? તેનો વિચાર કરો-શ્રુતીવદે છે કે સત્યવડેજ સૂર્ય તપી રહ્યો છે-"સત્ય" વડેજ સમુદ્ર મર્યાદા ધારી રહ્યો છે. સત્યવડેજ આ પૃથ્વી ધારણ થઇ રહી છે. "સત્ય" એજ અધિકારીનું પરમ-

ભૂષણ છે-" સત્ય " એજ વિવેકી પુરૂષોનું પરમ તપ છે. સત્યને ખાતર રામચંદ્રજીએ વનવાસ કીધો—સત્યને ખાતર હરિશ્ચંદ્રે ચાંડાલને ત્યાં નિચકર્મો કીધાં. સત્યને ખાતર રણસંગ્રામો થયા. હજારો શુરાઓ રણાંગણમાં રોળાયા, પણ સત્યનો ત્યાગ કીધો નહીં. સત્યથીજ વરસાદ વરસે છે. અને સત્યવડેજ આયુર્દા છે. " સત્ય " એ સંત સમાગમ કરનાર જ્ઞાનાધિકારીનું પરમ આભૂષણ છે. મશ્કરીમાં પણ સત્ય બોલવાની ટેવ પરમભક્ત પુરૂષોનેજ પ્રાપ્ત દિસે છે. અસત્ય બોલવા જેવા મહાન ભયંકર પ્રસંગમાં સંત સમાગમને વિશે રટણ કરનારા યુક્તિવાન પુરૂષો શબ્દ રચનાની યુક્તિ પ્રયુક્તિમાં પોતાની સત્યતા પ્રમાણિકતા સાચવે છે. દુર્જય મહાકાળની દાઢ નીચે દબાગેલા પોતાના દેહને અને જગતને પણ તેમજ ચગદાયેલું જાણનાર પવિત્ર વેદ ધર્માધિકારી બંધુઓ સુશીલતાએ અસત્ય ભાષણ કે અનૃત કર્મ કરી અપયશ અને ધિક્કાર ધારણ કરવાને હોંસિલા હોતા નથી.

સત્ય વાણી બોલવામાં અને સત્યનિતિ ધર્માચરણ રાખવામાં અનંત વિઘ્નો આવે છે—પણ ધર્માચરણી પુરૂષો તેવા મહાન્ વિઘ્નથી કંટાળો ન કરતાં સત્ય બોલવામાં ધૈર્યતા ધારણ કરે છે. અને વખતે મહાન્ સંકટ પણ સહન કરે છે. જેમ કોઈ પુરૂષ મદિરાપાન, વ્યભિચાર કે માંસાહારાદીક અયોગ્ય વર્તણુક વાળો હોય. તો આ જીવાત્મા માનવ છતાં અને બુદ્ધિનો ઉપયોગ કરવાનો વખત મળ્યો છતાં વખતે જીવતાં નર્ક ભોગવતો હોય તો આપણી આત્મતાને ખાતર આ જીવાત્માને આ મહાન્ રૌરવ તમમાંથી બચાવવાનો પ્રયત્ન દયાળુ મહાત્માએ શા માટે ન કરવો ? ? " આ દયા " કાંઈ ઓછી ગણાય કે ? ? આ " ધર્મ ' કાંઈ સ્વાર્થ ગણાય કે ? ? ? આ ઉ-

પકાર કાંઈ ઓછો છે કે ??? છતાં દુર્ગુણી દુરાચારી પામર જીવાત્માઓ પોતાને પડેલો નઠારો ચડસ મીથ્યાભિમાન કરી છોડતા નથી. અને ઊલટા આવા પોતાના લાભના સત્ય સદ્બોધને ખાતર ઉપકાર માનવો જોઇએ તેને બદલે-એવો અપકાર કરવા ઊભા થાય છે કે-આખતે મોટી જોખમદારી ધારણ કરવી પડે છે-તોપણ ધર્માત્મા મહાન્ પુરૂષોને ઘટે છે કે-ખરેખર સત્યવચન પરોપકાર બુદ્ધિએ કહેવા કદાપી પણ પાછા હઠવું નહીં અને તેના બદલે વખતે દુઃખ પડે તો તે ઇશ્વરને વાસ્તે કે પરમાર્થ દ્રષ્ટિને ખાતર સહન કરવાં જોઇએ-યાદ રાખવું ઘટે છે કે પ્રસંગોપાત આવા દુષ્ટજનોના સંસર્ગમાં આગ બને તો પણ પોતાની આત્મતાનો ત્યાગ કરવો નહીં. અને બહુ ધૈર્યતાથી ક્રોધ અને દ્વેશાદિ મહાન્ શત્રુનો પરાજય ધારવો જોઇએ-શાપ વચનનો ઊચ્ચાર થતાં તપનિશ્ફળ થાય છે માટે જાગૃતી રાખવી ઘટે છે કે-સત્ય બોલવામાં અપ્રિયતા થાય નહીં. સત્યસુધારકો પરમાર્થ સ્વરૂપે યથાયોગ્ય યુક્તિએજ સુબોધસુધા પાય છે. છતાં સત્યયુગમાં પણ હરિચંદ્રને ચાંડાલને ઘેર વેચાવનાર અને મહાદુઃખ દેનાર વિશ્વામિત્ર હતાજ, અર્થાત્, દૈવી, આસુરી, એવી દ્વૈતપ્રકૃતિ ચાર યુગાંતરથીજ વહન કરે છે-એટલે આ સમયે તો આસુરી જાગૃત ઘરેઘરમાં નિવાસ કરતી હોય ત્યાં દૈવીને શું માન્ય ??? છતાં એટલું તો નિશ્ચય ધારવું કે સત્યને ખાતરજ આ પોતાનો દેહનિર્માણ થયો છે-માટે સત્ય વર્તણુકજ રાખવી,

વૃત-તપ-તિર્થયાત્રાની જરૂર.

વૃત—તપ—તિર્થયાત્રાદિક દેશાટન પર્યંતના હેતુ વેદ ધર્મના અનુયાયીઓને સમજવાને માટે છે–અને આ સર્વ બ્રહ્મજ્ઞાન ભક્તિના પ્રકાશને માટે પરમ સાધન રૂપ છે. ચતુર્થિ, અષ્ટમિ, એકાદશિ, પૂર્ણિમા, પ્રદોષ, અમાવાસ્યા. સોમવાર, કૃચ્છ્ર ચાંદ્રાયણાદિ, અનેક વૃત્તો કરવા માનવને આજ્ઞા છે. વૃત્ત કરવાથી, તથા એક ભુક્તા કરવાથી મન અને ઇંદ્રિયો શિતળ રહે છે–અને તેની સાથે સંતસમાગમ હોયે તો મદમત્સર ક્રોધ, કામ, લોભ, આદિની શાન્તિ થાય છે. વૃત્ત કરતાં તામસી બુદ્ધિના વિચાર ધારવા નહીં–આગ્રહથી વૃત્ત તપ કરવું નહીં. વૃત્ત–તપ આદિની ભ્રષ્ટ કરવાને ક્રોધ, કામ આદી દુશ્મનો અતી પ્રપંચ આદરે છે–માટે વૃત્ત તપાદીના કરવા વાળા પવિત્ર જનોએ અતિ જાગૃત રહેવું જોઇએ–તો યથાર્થ ફળને આપે છે. આ સર્વ સાધન બ્રહ્મકર્મ ઉપાસના (ભક્તિ) અને જ્ઞાનના સાધન રૂપ છે. માટે સાધન સંપન્નતા પ્રાપ્ત કરવી. વૃત્ત, તપ, તિર્થ યાત્રાદિક કરવામાં, શરીરને સુખ દુઃખ થાય તો પણ દેહાધ્યાસ થવા દેવો નહીં. અને અતિ ઉત્તમ ખંતથી તપશ્ચર્યા કરવી. કે જેથી વિષયાંધ, ક્રોધ, અને દુરાચરણ અવિદ્યા મતિનો ભ્રંશ થતાં આત્મ જ્ઞાન બુદ્ધિ પ્રકાશને પામે છે–જેથી સત્ય આત્મદ્રષ્ટિમાં સ્વયં પ્રકાશ સ્વસ્વરૂપ પરમાત્માનોજ યોગ તેજ અભેદ યોગ છે.

ધૈર્યતા.

વ્યવહારિક કે પારમાર્થિક પ્રસંગમાં વખતે મહાન્ મોટાં ભયંકર દુઃખો, આરોપો, કલેશો વીગેરે અસહ્ય ભાર આવી પડે છે તેવા સમયે-સંત સમાગમના ઉત્સાહી બંધુઓએ "ધૈર્યતા" નામનો મહાન્ સદ્ગુણ ધારણ કરવો. દુઃખ અને કલેશ વિચારોથી વિસ્મૃતિ આપનાર અથવા શાન્તિ આપનાર આ "ધૈર્યતા" જેવું બીજું સાધન નથી-ધીરજનો ત્યાગ કરતાં પહેલાં યથા યોગ્ય ઉપચારો રૂપી પુરૂષાર્થ ઇચ્છવો-પણ ધીરજ છોડી દુઃખ કે કલેશને સ્વાધીન થવુંજ નહીં. પરમ પ્રીય વસ્તુનો વિનાશ થતાં કદાપી અતિ કલ્પાંત થવા જેવુ જણાય. તોપણ ધૈર્યતાવાન પુરૂષોનો મોહ શોક દેખવા માત્રજ હોય છે. કેમકે તેઓ જાણે છે કે-આ કલ્પિત સંસારનો સંસ્કાર માત્ર મિથ્યા ભ્રમ હતો. હવે જ્યારે સંસારજ સ્વપ્નભ્રમ સમાન છે, ત્યારે સંસ્કારની પ્રાપ્ત અપ્રાપ્ત વસ્તુનો શોક મોહ પણ સ્વપ્ન સમાનજ મિથ્યા છે-એમ જાણી શોક મોહને આધીન ન રહેતાં ધૈર્યતા ધારણ કરે છે. અને અતી સાવચેતીથી આવો દુઃખમય કાળ વ્યતીત કરે છે-ઇશ્વર નિયમ પૂર્વક યોગ્ય સંસ્કારે પુત્ર, ધન, સ્ત્રી આદિ યોગ્ય વસ્તુઓ પ્રાપ્ત થાય કિંવા ન થાય, તો તેનો હર્ષ કે શોક મોહ ધારવોજ નહીં. યથાયોગ્ય સંસ્કારે પ્રાપ્ત થયેલી વસ્તુ યથાયોગ્ય સંસ્કારે વિલય થઇ. તેનું આક્રંદ કે શોક મોહ રાખવો, એ ધૈર્યતા જેવા અખંડ કોટને તોડવાને આરોપ રૂપજ છે સીતા-દ્રુપદી-આદી સતિ સ્ત્રીઓના ઉપર જે દાવાદળ દુઃખ ઉપડ્યું હતું, તેનો વિનાશ તેમણે ધૈર્યતાથી કીધો છે-પણ આત્મહત્યા આદી દુઃખને આધીન રહ્યાં નથી. શિયળ સાચવતાં, આ આર્ય

ભૂમિકાની પવિત્ર બાળાઓ ઉપર જે ધર્મ સંકટો આવ્યાં છે–તે કોની જાણમાં નથી ? ? આવા ધર્મ સકટમાંથી પણ ધૈર્યતા વડે બચવું એ મહત્ પુરૂષનું કામ છે, દુર્જન પુરૂષોના સંસર્ગ દોષમાં પણ કેટલીએક વખત વિપત્તિમાં સપડાવું પડે છે. પણ ધૈર્યતા રૂપી પરમ શ્રેષ્ટ સાધન જો તૈયાર હોય તો કળથી કામ કાઢી પોતાના સત્યને ડુબવા દેતા નથી. આ પરમ ધર્મને સાચવનાર પવિત્ર જીવાત્મા સંત સમાગમમાં અતી દૃઢ ધૈર્યતાવાન થાય છે. માટે અવસ્ય મીથ્યા મોહ શોકનો ત્યાગ કરવો અને ધૈર્યતાની દ્રઢતાથી શાન્તિનું અવલોકન કરવું.

દાન–ઉદારતા.

પોતાના સત્ય વેદ સનાતન ધર્મની ઉન્નતિને અર્થે તથા પોતાના દેશી બંધુઓના કલ્યાણ અર્થે વિદ્યાલયો, દેવાલયો, શિવાલયો, ધર્મશાલાઓ, નવાણો આદી અન્નક્ષેત્રો અને અન્ય કોઇ જીવાત્માના દેહનું સરક્ષણ ઇચ્છવું એ ઊદાર જનોના પરમ ધર્મ છે. યથા સંસ્કારે દાન ઊદારતા સાચવવા સર્વને હક સરખા છે, આવો ઉત્તમ હક સાચવનાર "જ્ઞાનાધિકારી" કહેવાય છે. અને ઉત્તમ હકને ડુબાવનાર "કંજુસ" કે "દિન રંક" ગણાય છે.

પ્રભુ કૃપારૂપ પ્રાપ્ત થએલી અને સર્વને ઉપકાર રૂપ ગણાતી આ "ધર્મ લક્ષ્મી" નો મીથ્યા સંસારના ક્ષણીક મોજ શોખને ખાતર વ્યય કરવો–તેનું નામજ "ગેર ઉપયોગ" છે.

અહં મમતા રૂપ અજ્ઞાન વિચારે મીથ્યા સંસારની મહત્તા મેળવવાને માટે, તથા વિષયાંધ વૃત્તિથી જીવતાં નર્કમાં પડવાને માટે

તથા એવા એવા અનેક દુઃખકર વિચારોની યોજનાઓ પાર પાડવા માટે પોતાની સંસ્કારીક અમૃત લક્ષ્મી લુંટાય છે. પણ હૈયાના અંત્ર જનો ધર્મ બુદ્ધિથી તેનો સદવ્યય કરતા નથી. એ તેમને અતિ શરમાવા જેવું છે—આ ધનનો સદુપયોગ અનેક જીવાત્માઓના અનેક રીતે સંરક્ષણ રૂપ જો થાય તો શું બાકી ???

જન્મ જન્મના અતિ પુન્ય સંસ્કારથીજ આ અવસરે ધનની પ્રાપ્તિ થએલા ધનવાનો દીસે છે—જેઓએ આષાડ માસમાં ખેતી કરી હતી. તેઓએ અશ્વિન માસમાં તત્ ધનની પ્રાપ્તિ કરી—ખેતી કરી હતી તો મળ્યું. અને હવે પછી પવિત્ર શુદ્ધ કાંકરાવિનાની પૃથ્વીમાં નાખશો તો પાછું લણવાનો સમય જણાશે. માટે ધનવાવાનોનો પરમ ધર્મ ધનવાનોએ સંભાળવો જોઇએ.

ઈશ્વર કરૂણામાં પ્રાપ્ત થયેલી આ અતી મહત્તાવાન લક્ષ્મીનો સદુપયોગ કરવાને ધનવાનોને સ્વધર્મ રૂપ આજ્ઞા છે લક્ષ્મીનો ઉપયોગ જેમ વ્યવહારને માટે ચુસ્ત થઇને કરવામાં આવે છે. તેમ પોતાના વેદ ધર્મના પ્રકાશને માટે કરવામાં આવે તો આ ધનાઢ્યની કેટલી મહત્તા અને સદકિર્તિ પ્રસરે ???

અન્નદાન, ગૌદાન. આદી ઉત્તમ કાર્યમાં ધન વપરાય તેના કરતાં પણ મોટામાં મોટું પુન્ય "વિદ્યાદાન" નું છે. દેશ ભાષા કે રાજ્ય ભાષાના પ્રકાશને ફેલાવા માટે આરંભેલા પ્રયત્નો ગ્રહસ્થોના ભૂષણ રૂપ થાય છે. પણ વેદ સનાતન સ્વધર્મની વૃદ્ધિને અર્થે કર્મ ઉપાસના (ભક્તિ) અને બ્રહ્મ વિદ્યાને સારો આશ્રય મળે એમ ધનનો વ્યય કરનાર ધનવાન પુરૂષ સ્વધર્મિ ગણાતાં સત્ય ઉદારતાએ પોતાની ગ્રહસ્થાઇનો પ્રકાશ બ્રહ્મલોક પર્યંત પોહોચાડે છે.

આ ક્ષણ ભંગુર દેહ સંસ્કારે તીથ્યા મમત્વ ધારણ કરી ઉદારતા જેવા માહાન્ સદ્ગુણનો ત્યાગ કરનાર માહા પાપી ગણાય છે અને તેજ કૃપણ કંજુસ છે. દેહનો વિલય થશે ત્યારે સર્વ ધન પડી રહેશે-અને કદાચ પાપના સંસ્કારે, આ ધનવાનના ગૃહમાં રંડીબાજ કે ઉડાઉ અભણ વ્યસની પુત્ર પાક્યો તો સર્વ ધનનું સત્યાનાશ વળશે ત્યારે હાથે કરી શા માટે ઉદારતા ન ધારવી ? ? ?

બ્રહ્મ વિદ્યાને ઉત્તેજન યથાર્થ રીતે મળી શકતું નથી એટલે ધર્મના મુળરૂપ બ્રાહ્મણોના ઘરમાંથી વેદ વિદ્યાક્ષય પામી છે. અને કંઈ કંઈ છેતો તેનો યથાર્થ ઉપયોગ થવા રૂપ કંજુસાઈથી બ્રહ્મવિદ્યાનો પ્રકાશ અમલમાં આવતો નથી. ધનવાન છે તે પૈસાના પુત થયા છે. અને જેઓ રંક છે. તેમની પાસે ધનનું સાધન નથી. હવે વેદ વિદ્યાનો વધારો શી રીતે બની શકે ? ?

પોતાના વેદ સનાતન સ્વધર્મના સંરક્ષણમાં પાયમાલ દેખાતા આર્ય ભૂમિકાના ધનવાનોનેં વિચાર કરવો ઘટે છે કે તમ રી આ પવીત્ર ભૂમિકામાં અન્ય મત પંથાદીક ધર્મની જરૂર નથી. છતાં વિદેશી જનો પોતાના ધર્મને પ્રકાશમાં લાવવાંના ઈરાદે મોટાં મોટાં ફંડ ઉભાં કરી મીશનરીઓ આદીને કેવું માન્ય આપે છે ? ? તે શુરા પુરૂષો પોતાના ધર્મનો ફેલાવો કે વૃદ્ધિ પ્રકાશ જોવામાં જેવા ઉત્સાહી દીસે છે. તેના (૧૦૦) સોમા હીસ્સાનું સ્વધર્માભિમાન જો આ દુરાગ્રહી અને નિર્બળ બુદ્ધિની હિંદ પ્રજા ધારતી હોતતો, અહાહા-અત્યારે વેદ સનાતન ધર્મ કેટલો બધો પ્રકાશિત હોત ? ? ? ધિક્કાર છે-એવા કંજુસના ધનને કે-પોતાના સ્વદેશી બંધુઓને ધર્મજ્ઞાન આપવાને ઘટતા પ્રયત્નો ઈચ્છતા નથી ? ? સમુદ્ર તો જળથી પૂર્ણજ છે. એમાંથી જળ ખુટતુંજ નથી. પણ પાત્રાનુસાર જળને

ઉપયોગ થઈ શકે છે. ખુટશે–એમ જાણી કંજુસ વૃત્તિ રાખનાર ધનવાન નથી પણ રંકમાં રંક છે–ધાર્મિક વૃત્તિ ઉદારતાથી અભિન્ન છે. એટલે–ધાર્મિક પુરૂષોજ ઉદાર હોય છે–અર્થાત્ જે ઉદાર બુદ્ધિએ સંત સેવા, વેદ ધર્મ વૃદ્ધિ આદીમાં સામીલ થાય તેજ ધાર્મિક ગણાય છે. પોતાને જ્ઞાની માનનાર–અને પોતાને પવિત્ર ભક્તિ, ધાર્મિક ગ્રહસ્થ, માનનાર ઉદારતા રૂપી સૂર્ય પ્રકાશમાં આનંદ ભોગવે છે. અને સર્વ સદ્‌ગુણની સાથે ઉદારતાની વૃત્તિ ખુલી ન હોય અને તેમાં તાળાં ન ઉઘડયાં હોય. બેડીઓ ના તુટી હોય, તો તેનું જ્ઞાન અને ધાર્મિક વૃત્તિ તે દાંભીકજ ગણાય છે, આવા ખળ પુરૂષો, આ મૃતિકાના પુતળા સંગાથે બાંધીને લઈ જશે. તે પણ જગતના જોવામાં આવશે ! ! ! આ મૃતિકાના પદાર્થ રૂપ ધનથી સદ્‌કિર્તિ પ્રાપ્ત કરી લેતાં ન આવડી તો આવા પ્રપંચી ખળ પુરૂષોની ચાલાકી ચુલામાં પડયા સમાન થઈ સમજાય છે–ઉદારતા રૂપી ગંગાજીમાં હાથ ધોઈ લેનાર–અને અન્ય બંધુઓને પણ પવીત્ર કરનાર પવીત્ર મહાત્માને વારંવાર નમસ્કાર છે.

દરેક વિચારો ઘણાજ લખવા જેવા છે-ગુર્જર પ્રજામાંના ધનવાનોના ધર્મને માટે જેટલું લખવા ધારીયે તેટલું કમજ જાણો–પોતાના આવા નાના દેશનું અને વિશેષે કરીને એક વેદ ધર્મનું સંરક્ષણ થઇ શકતું નથી–તો આખી આર્ય ભૂમિકાને માટે તો શુરાતન શી રીતે ચઢે ? ? નિર્બળજ ! ! !

નિર્ગુણ સગુણ અભેદ.

॥ ૐ સ્વરૂપ શ્રી મહાગણપતિ પ્રાર્થના. ॥

" શિખરીણિ વૃત્તમ્ "

પિતા માતા બન્ધુ, અખિલ રૂપ નારી[1] નર વિભુ;
[2]સહુ પોતે સ્વામી, નિજ વિણ જણાતું નહિ પ્રભુ;
અસારે સંસારે. [3]જીવમતિ તણો ભેદજ અતિ;
કૃપા દૃષ્ટે જોશો. શરણ ગણશો શ્રી ગણપતિ ॥૧॥

નથી મારું કોઇ, નહિંજ જગમાં આશ્રય મને,
અતિ અન્યાયી તો, પણ શરણથી લાજ તમને;
નથી પૂજા ધ્યાનો, જપ તપ ન કો સાધન રતી,
કૃપા દૃષ્ટે જોશો, શરણ ગણશો શ્રી ગણપતિ ॥૨॥

---

૧ **त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उतवा कुमारी ॥ श्वे० उ०** હે પરમાત્મન્ ! ! તમેજ સ્ત્રી સ્વરૂપ છો. તમેજ પુરૂષ સ્વરૂપ છો. તમે બાળક સ્વરૂપ છો. તમેજ બાળકી સ્વરૂપ છો વિગેરે.

૨ **सर्वं खल्विदं ब्रह्म । श्रुतेः ।** નિશ્ચયથી આ સર્વ બ્રહ્મ સ્વરૂપ છે.

૩ **देहेषु मोहितो देही जीव इत्यभिधीयते ।** દેહ કલ્પનામાં મોહ પામેલો દેહનો અભિમાની તેજ જીવ કહેવાય છે.

નથી જોતો દૃષ્ટે સ્વરૂપજ "[1]ગજાકાર" શ્રુતિથી
ન સત્સંગે જાણી શ્રવણરસ ગાથા સુમતિથી
ન ચર્ણોમાં લોટી પરમરજ શિર્ષે ન સ્પૃશતિ.
કૃપા દૃષ્ટે જોશો શરણુ ગણુશો શ્રી ગણુપતિ ॥૩॥
નથી વાણી ગાતી, હૃદયગમ હેરમ્બ સમજી;
ઉતાર્યું ના કણ્ઠે, નિજ ગુરુ તણું તીર્થજ હજી;
હજુ આ હાથોથી, શમિ [2]સુમન દૂર્વા ન ચઢતી;
કૃપા દૃષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ॥૪॥
મહા માયા મોહો, ષટ[3] રિપુ અતિ જોર કરતા;
બલાત્કારે ખેંચી, નિજવશ કરી લોભ[4] ધરતા;
ભુલાવી ભ્રાન્તિથી, પ્રભુ વિમુખ રાખે કુરકૃતિ;
કૃપા દૃષ્ટે જોશો, શરણ ગણુશો શ્રી ગણુપતિ. ॥૫॥

---

૧ ततश्चोमिति ध्वनिरभूत सर्वै गजाकारः । श्रु० । તેજ ૐ એ પ્રકારે ધ્વનિરૂપ થયો તેજ આનિશ્ચય **गजाकार**=એટલે ગજના મુખ આકાર સમાન (મુખવાળા) પ્રભુ છે. અથવા **तत्त्वमसि** મહાવાક્ય સ્વરૂપ–જેને વિષે આ જગત–જીવ ઇશ્વર–લય જાય છે એવો **ग**, અને જેને વિષે આ જગત જીવ-ઇશ્વર-ઉત્પન્ન થાય છે **ज**. એમ **ग**. અને **ज**. મળીને જગત્ આદિનો ઉત્પાત્ત પ્રલય કર્તા છે એવા આકાર ભાવથી ૐકારાકૃતિવાળો તે **गजाकामः** । ઓમકાર સ્વરુપજ છે.

૨ સુમન–એટલે પુષ્પ.

૩ ષટ્રિપુ–કામ, ક્રોધ, મોહ, લોભ, મદ, મત્છર—

૪ લોભ એટલે સ્વાર્થ પરાયણ વૃત્તિ—

ગયો જન્મારો જો, રમત રમતાં બાલમતિમાં,
યુવામાં ના જાણ્યો, પ્રમથ મદ છાકયો કુમતિમાં;
થતાં વૃદ્ધાવસ્થા શિથિલ તન થાતાં પિડ થતી;
કૃપા દૃષ્ટે જોશો, શરણ ગણુશો શ્રી ગણપતિ. ॥૬॥
પરાણે[1] પ્રીતીથી, સરસ નહિ કાર્યો સુધરતાં;
જણાતું તો ત્યાગી, દૃઢતર થવા ના વિચરતાં;
પ્રભુ કેમે તારો ! ! અખુટ અપરાધો તણી મતિ;
કૃપા દૃષ્ટે જોશો શરણ ગણુશો શ્રી ગણપતિ ॥૭॥
ગુમાવી મુડી[2] જો નર તન દ્વિજે દેહ ધરતાં;
નથી થાતી હાવે નવિન કરણી પુણ્ય કરતાં:
શું થાશે ઓ સ્વામી ! ! કયમ કેરી ટળે આ જીવગતિ
કૃપા દૃષ્ટે જોશો શરણ ગણુશો શ્રી ગણપતિ ॥૮॥
સદા ક્લેશો દ્વેષો રહીં મન મતી દ્વાર [3]કુપતા;
રજો નિન્દા ચાડી [4]પિશુન ચુગલી ચોર છુપતા
અતી ત્રાસું દૈતે અભયપદ કેરી કર્યો ગતી;
કૃપા દૃષ્ટે જોશો શરણ ગણુશો શ્રી ગણપતિ ॥૯॥

---

૧ પરાણે એટલે બળાત્કારે.

૨ મુડી એટલે જે પુણ્યપ્રભાવથી આ દ્વિજતનુની પ્રાપ્તિ થઇ છે તે પુણ્ય—

૩ કુપતા એકલે કોપ કરે છે.

૪ પિશુનવૃત્તિ—ચુપકીથી તેજદ્વેષવૃત્તિ.

છુટે કંપારો જો વિષય ભ્રમ વ્યાપ્તિ કકળતી;
અરે!! આ શું થાશો કદિ નર્થી છતાં [1]કાય દમતી;
મહાત્માના બોધો સતત પરબ્રહ્મે પ્રકથતિ;
કૃપા દષ્ટે જોશો શરણ ગણશો શ્રી ગણપતિ ॥૧૦॥
અરે!! કાયા કીચે લપટ લપટાતાં કયમ થશે;
જશો ક્યારે ભ્રાન્તિ સ્વરુપ સમશાર શાંતિ કરશે;
અરે!! ક્યારે પામું [3]નિગમપદ આ પૂર્વની સ્થિતિ
કૃપા દષ્ટે જોશો શરણ ગણશો શ્રી ગણપતિ ॥૧૧॥
ન જાણું વેદોના ગહન રસ વાકયાર્થ વિગતે;
ન શાસ્ત્રોના મર્મો તદરુપ તદાકારજ થતે
ન વેદાન્તે પ્રીતિ અનુભવ તણી લ્હેર ન થતી;
કૃપા દષ્ટે જોશો શરણ ગણશો શ્રી ગણપતિ ॥૧૨॥
થતાં દ્વૈતાપત્તિ[4] સભર અવિનાશી વિસરતાં
ગ્રહી દ્વૈતે ભાવો સુગમ થઇ દ્વૈતે વિરમતાં

---

૧ કાય એટલે કાયા અથવા સંજ્ઞા.

૨ સમશા—સમસ્યા—અથવા સંજ્ઞા.

૩ નિગમ એટલે વેદમાં વર્ણવેલી—આ સૃષ્ટિ પહેલાં **सदेव सौम्येद-मग्र आसीत्** અર્થાત્ આ સૃષ્ટિ પહેલાં બ્રહ્મજ હતુ. તે સ્થિતિ મારી ક્યારે થશે.

૪ **“ यत्र द्वैतमिव भवति तदितर इतरं पश्यति ” श्रुतेः ।** જ્યારે પોતેજ દ્વૈતરૂપ થાય છે ત્યારે ઇતરરૂપે ઇતર એટલે અ-

વિકલ્પોર[1] વૃદ્ધિથી અહમમ[2] ક્રિયા ઘાટ રચતી
કૃપા દ્રષ્ટે જોશો શરણ ગણશો શ્રી ગણપતિ ॥૧૩॥
વિકલ્પે કલ્પાતું કલન કલનામાં નર તનુ
અધિષ્ઠાને[3] થાતું અરર ભ્રમ આ છાનું છપનું
જીવો[4] બ્રહ્મૈવે હો સરિત[5] ગમ્ સિન્ધુ સમ ગતી
કૃપા દૃષ્ટે જોશો શરણ ગણશો શ્રી ગણપતિ ॥૧૪॥
શુકાદિ ઋષ્યાદિ મુનિગણ મહા સ્તોત્ર ભણતા
વિધી વિષ્ણુ શંભુ નિશદિન સદા ધ્યાન ધરતા;
સગુણે નિર્ગુણે સમ પદ પ્રકાશી પ્રભુ મતી;
કૃપા દૃષ્ટે જોશો શરણ ગણશો શ્રી ગણપતિ ॥૧૫॥

ન્યને જુએ છે. એટલે સૃષ્ટિના આરંભ પહેલાં પ્રથમ એક અને અદ્વૈત છે એ વાત નિર્વિવાજ છે.

૧ **शब्दज्ञानानुपाती वस्तुशून्यो विकल्पः ।** શબ્દ અને જ્ઞાનવડે ઓળખાણ બતાવતો પણ વસ્તુ સ્વરૂપે સદાએ શૂન્ય એટલે કંઇ નહિ અર્થાત્ કલ્પના માત્રજ તે વિકલ્પ છે.

૨ આ સ્થાને **अहं मम** જોઇએ પણ ગણુ ગણના તુટી જાય છે માટે સુધારાને વાંચવું.

૩ અધિષ્ઠાન એટલે જે સત્ય સ્વરૂપ પરબ્રહ્મ ઉપર માયા એટલે અધ્યસ્તથી કલ્પના કયલ્પા તે પરમાત્મા:—

૪ **जीवो ब्रह्मैव नापरः ।** જીવજ બ્રહ્મ છે એથી બીજું નથી.

૫ સરિતા અથવા નદી.

વિશેષે વેદાન્તે [1]નિજ રુપ અસચ્છક્તિ વદતા;
સદાદિત્યે સેવા વિશતિ રુપ વિષ્ણુ સમગતા;
શિવં તૂર્યે સ્થાયી અતિત પતિ સંજ્ઞા સુગમતી;
કૃપા દૃષ્ટે જોશો શરણુ ગણુસો શ્રી ગણુપતિ ॥૧૬॥
[2]અનાદિ આદ્યન્તે નિજવિણુ નહીં અન્ય વદતાં;
પ્રભુ પોતે વાસો સકળ મહિમામાં સ્થિર થતાં;
કૃપાળુની દૃષ્ટિ અગમનિગમે આદ્ય દ્રશતિ;
કૃપા દૃષ્ટે જોશો શરણુ ગણુશો શ્રી ગણુપતિ ॥૧૭॥
શ્રુતિ સ્મૃત્યાદિનો અખુટ રસ તે આપજ દિસો
પુરાણોના ભાવો તદરુપ તદાકાર વિલસો;
પ્રસિદ્ધિ વેદોમાં [3]પ્રણુવરુપ ગાતા ગુણુ [4]યતિ;
કૃપા દ્રષ્ટે જોશો શરણુ ગણુશો શ્રી ગણુપતિ ॥૧૮॥

---

૧ ब्रह्म सोयमात्मा चतुष्पादः। श्रुतेः। તે બ્રહ્મના ચાર પાદછે.
१ असत् ब्रह्मपाद, २ सद् ब्रह्मपाद, ३ सम ब्रह्मपाद,
४ तूर्य ब्रह्मपाद એમ ચાર પાદ જેના છે તે પાંચમો અથવા ચાર પાદથી રહિત તે પાંચમો. સ્વયંપ્રકાશ–નિજસ્વરૂપ. પંચમપાદ–તૂર્યાતીત ૐકાર નામાત્મક. ૐકાર સ્વરૂપાત્મક. ૐકારાકૃતિ સ્વરૂપ પોતે પરબ્રહ્મ પરમાત્માજ છે.

२ अव्यक्तादीनि भूतानी અને अव्यक्तानिधनान्येत्र એટલે આદિઅંત પરમાત્માજ છે.

૩ પ્રણુવરૂપ એટલે ઓમકાર સ્વરૂપજ છે.

૪ યતિ એડલે સન્યાસી–તૂર્યપાદ બ્રહ્મસ્વરૂપ.

[1]ત્રિગુણો ત્રિદેવો ત્રિપદ જિવને માયિક ભણો;
ત્રિપાદોનો સાક્ષી શિવ ઇતિ ચ તુર્યં ઇશ ગણો;
પ્રભો!! તૂર્યાતીતે સકળગત ૐ ૐ નિવસતિ;
કૃપા દૃષ્ટે જોશો શરણ ગણુશો શ્રી ગણુપતિ ॥૧૯॥
પ્રભુ " ૐ " ૐ કારે ચતુરપંદ વેદો વરણુવે;
સદા [2]જયેષ્ઠો શ્રેષ્ઠો નિગમ તૂરીયાતીતજ સ્તવે
સહુ રુપે પોતે સહુ થકી અતીતે [3]નિજપતિ
કૃપા દૃષ્ટે જોશો શરણ ગણુશો શ્રી ગણુપતિ ॥૨૦॥
નથી માયા ભ્રાન્તિ જીવ ઈશિ તણી છેજ કલના
નથી હું તું તે તો જગત રચના એ વિકલના;
ન સાક્ષી ત્રીપાદો સહુ સ્વરુપ આપે પ્રિયપતિ;
કૃપા દૃષ્ટે જોશો શરણ ગણુશો શ્રી ગણુપતિ ॥૨૧॥
મહા વેદાન્તે જો અકલ વ્યતિરેકાન્વય ગણી

---

1 સત્વ, રજ, તેમ એ ત્રિગુણો છે. બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર એ ત્રણે ઇશ્વરાંશો છે. અથવા સમષ્ટિના અધિપતિ કર્ત્તા ધર્ત્તા અને હર્ત્તા રૂપ દેવો છે. વિશ્વ, તૈજસ, અને પ્રાજ્ઞ એ ત્રણે જીવો છે. તે સર્વ માયામય છે, ચોથો તૂર્ય ઇશ્વર શિવ છે. અને પાંચમો તૂર્યાતીત ગણેશ ઓંકાર સ્વરૂપ છે.

2 ज्येष्ठ राजं ब्रह्मणस्पति । श्रुतेः ।

3 पतिं पतीनां परमं पुरस्तात् । श्रुतेः ।

પ્રબોધે જ્ઞાતાના લલિતપદ સત્તાર્થજ ભણી;
પ્રભુ પોતે વાસો સ્વયમપિ[૧] સદાએ નિધિપતિ;
કૃપા દૃષ્ટે જોશો શરણુ ગણુશો શ્રી ગણુપતિ ॥૨૨॥

સ્વયં બ્રહ્માર વિષ્ણુ શિવ શશિજ વન્હીન્દ્રથી વસો
રવી વાયુ વૃક્ષો જલ થલ પશુ પક્ષિ વિલસો;
નરો નારી બાલો અખિલ સમ યોગી પ્રિયપતિ[૩];
કૃપા દ્રષ્ટે જોશો શરણુ ગણુશો શ્રી ગણુપતિ ॥૨૩॥

કૃપાસિન્ધુ સ્વામી પરમપદ બ્રહ્માત્મજ વિભુ
અભેદાત્મા સિદ્ધિ પતિચરણુ સેવા નિજ પ્રભુ;

---

૧ **नाहमिदं नाहमदंऽप्युभयोरवभासकं परं शुद्धम् । वाह्या-भ्यंतर शून्यं पूर्ण ब्रह्माद्वितीयमेवाहम् । त्रि० ।** હું આ પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય નથી. તેમ હું તે પરોક્ષ જ્ઞાનનો વિષય પણ નથી, પણ તે બંનેનો પ્રકાશક પરમસ્વરૂપ, અતિ પવિત્ર. બહાર અને અંતરની કલ્પનાથી રહિત, કેવળ પૂર્ણ (સ્વયંપ્ર-કાશ) અદ્વિતીય બ્રહ્મજ છું.

૨ **स ब्रह्मा स शिवः सेन्द्रः सोक्षरः परमः स्वराट् । स एव विष्णुः स कालाग्निः स चन्द्रमाः । श्रुतेः ।**

૩ **प्रियाणान्त्वा प्रियपतिंहवामहे । श्रुतेः ।**

પરી પૂર્ણાનંદ સ્વરુપ ગણસ્વામિ૧ પ્રિયપતિ;
કૃપા દૃષ્ટે જોશો શરણ ગણશો શ્રી ગણપતિ ॥૨૪॥
નમીને પાદાબ્જે દિનનિશ કરે કો જન કદી
સ્તુતિ પૂજાધ્યાને પરમપદ પામે દૃઢ યદી;
જીવન્મુક્તિ જાણી નિરતિશય લક્ષાતીત ગતી;
કૃપા દૃષ્ટે જોશો શરણ ગણશો શ્રી ગણપતિ. ॥૨૫॥

॥ તત્સત્ હેરમ્બાર્પણમ્ ॥

१ ब्रह्मादि गणानामिश भूतमित्याह तत् गणेशः। श्रुतेः।

• બ્રહ્માને આદ્ય લઇને બ્રહ્માગણ, વિષ્ણુગણ, રૂદ્રગણ, ઇંદ્રગણ પશુગણ, પક્ષિગણ, પાષાણગણ, ગંધર્વગણ. કિન્નરગણ, મનુષ્યગણ, આદિ અનંત બ્રહ્માંડગણનો જે ઇશ-ઇશ્વર છે તે ગણેશ અથવા ગણસ્વામી છે.

સ્તવનો.

રાગ અડાણો કાનડો.

હે નાથ ભરોસો મારી (૨)
સાચો પ્રેમ સમર્પણ ચરણે શર્ણતણી બલીહારી હે નાથ ટેક.
સુત પીતુ બાન્ધવ સ્વજન સહોદર મિત્ર પતિને નારી
એ સૌ મિથ્યા દેહ સાથના સ્વારથ બંધ વિચારી હે નાથ ૧
હૃદય રંગના સંગી રસીયા, દરસ્યા કરૂણા ધારી
હંસ ગ્રહે જેમ પક્વ મોતીને (એમ) સંત મતિ ઉપકારી હે નાથ ૨

નટ નારી ગૌ લક્ષ સ્થાનમાં ગુરૂ ચરણે ચિત્ ધારી
નિજબલ સમભાવે સમદર્શન ભેટયા હૃદય વિહારી હે નાથ ૩
ચિત્ સાક્ષી પ્રભુ રમતા રમતે સમીર ભાવ વિચારી
યોગાન્વય મણી લોહ શું સ્પર્શે કનક બન્યું અવિકારી હે નાથ ૪
કિટ ભ્રમર સગે થઈ મધુકર ચિત્ત ચર્ણરજ ઠારી
પ્રિય પતિ સાગર શમતાં રમતાં સરિતા બાંન્ત વિડારી હે નાથ ૫
અંતર બાહેર અભેદ રસ મય દૃતું ભેદ નિવારી
ભોગ્ય ભોગ ભોકતા ત્રિપુટી પર આનંદ સ્વાનંદ કારી હે નાથ ૬
ઓમ ઓમ ઓમ મય ગેબી ગર્જના ટપકે શિતળ વારી
શાન્ત સદન નિર્ઝર નિજદેશે અનુભવ મંગળકારી હે નાથ ૭
નયન ભરી નિરખી નિજપ્રભુને જ્યોતિ જ્યોતિ જાઉંવારી
ગુપ્ત ભેદ અંબરપટ તુટતાં અભેદ પદ બલિહારી હે નાથ ૮
મનવાણી સોસાયાં રહેજે પ્રિય પતિ ગણેશ ધારી
પૂર્ણાનન્દ સ્વરૂપ દર્શનમાં સંતભાવ ઉપકારી હે નાથ ૯

રાગ હરી ભજન થકી એ.

હિત શત્રુ મતિ વરંવાર જણાવી દેહ ભ્રમ કીધો
નીજ ઉચ્ચગતી નિજવિસરાવી અધમ દગોરે દીધો
જો વંઝાતન સાચા થાયે જો કાશ પુષ્પ જળમાં નહાયે
તો આ આભાસજ દેખાયે હીત ૧
જો શશ શીરે શૃંગો દેખો જો કદલીમાં ગર્ભજ પેખો
તો આત્મામાં દેહા લેખો હીત ૨
જો કાષ્ટ પુતળી ભોગ કરે જો મરૂજળથી તૃષ ભાવ ઠરે
તો દેહ દષ્ટિ ભ્રમ સત્ય ખરે હીત ૩

જે ચિત્રસિંહ પશુને મારે જો ચિત્ર ગાય પયદે ત્યારે
એમ દેહ જગત સાચું ક્યારે ? હીત ૪
જો છીપ શુદ્ધ ચાંદી ઠરશે જો સ્વપ્ન સત્ય થઇ ઊદ્ધરશે
તો કાયા કલ્પિતતા હરશે. હીત ૫
વ્યોમ વૃક્ષ તણા મીઠારૂળમાં સુખ માને તેમ કાયા ફળમાં.
દુર્દશા કરી છે દ્વંદ્વ દળમાં. હીત ૬
તેં દેહતણા ધર્માધર્મે. તેં પરકર્યો પાપ પુણ્ય કર્મે.
નિજ ભાન ભુલાવ્યું દ્વૈત ધર્મે. હીત ૭
તેં હું મારૂં મન ઉપજાવ્યું. ષડ્રિપુ બલમાં સુખ સમજાવ્યું.
નિજ અવિચળ મહત્વ વિસરાવ્યું; હીત ૮
ચઢી બંધ મુક્તિના ચગડોળે ઉંચ નિચ ગતી નર્કે બોળે.
સ્થિરતા નિજ તત્વે કેમ ખોળે. હીત ૯
નથી અમૃતમાં વિષની વાતો, નથી શાન્તિ પદમાં આઘાતો.
શું સમજાવે લાતાલાતો. હીત ૧૦
જીવ ઇશ્વર ભાસ્યા તુજ છળથી ગુરૂ શ્રદ્ધા ત્યાગી તુજ બળથી
જોયું જન્મ મર્ણ ભ્રમ તુજ ફળથી હીત ૧૧
તેં નિર્મળને અપવિત્ર ભણી તેં મળની શુદ્ધ ક્રિયા વરણી.
કેમ સેવ થશે ગુરૂ ચર્ણ તણી. હીત ૧૨
મહત્તા મનાઇ દેહ વ્યવહારે હવે નિજ મહત્તા જાણું ક્યારે.
અરે શું દુર્દશા કરી અત્યારે. હીત ૧૩
દુર્ગતિ પથ તારો જાણ્યો છે ગુરૂ કૃપા પ્રસાદ પ્રમાણ્યો છે.
દેહ ભ્રમ કોણે શું વખાણ્યો છે. હીત ૧૪
પુરણાનંદ સ્વરૂપ ભોગ ધારી યોગાયોગ સમ શાન્તિ સારી.
વસે વચન બળે થા શ્રેયકારી હીત ૧૫

રાગ સારંગ પદ.

હે નાથ કૃપાલ, કરૂણા કટાક્ષ દૃષ્ટે જોશો જ્યારે
થશે હૃદય રસાલ, થતાં તન્મય અભેદ શાંન્તિ તારે
ટેક.

પ્રભુ પ્રેમ ભક્તિમાં પટકાયો—હરનીશ સ્મરણમાં લપટાયો
ગુણ મહિમા કિર્ત્તન સપટાયો— હે નાથ ૧
નિજવિણ જગ આ લાગે ખારૂં—ઐશ્વર્ય માન સહુ અક્કારૂં
યોગે ચોંટયું છે ચિત્ત પ્યારૂં— હે નાથ ૨
જ્યાં જે દશ્યા દશ્યે જોતો—ત્યાં તેતે રૂપ સ્હેજે ખોતો
નિજ સ્વરૂપ લક્ષ્યે (અતિ) ચિત્ પ્રોતો— હે નાથ ૩
પ્રભુ સૌમાં દરસું છું જ્યારે—નિજથી ન્યારો કેમ રહું ત્યારે
હવે સ્વાનંદ સુખ દેશો ક્યારે— હે નાથ ૪
કરૂણેચ્છાએ તન ભાન ટળ્યું—શરણે રહેતાં અહંમમત ગળ્યું
પદ પ્રાપ્તિ જાણું તત્ત મળ્યું— હે નાથ ૫
વરદાયી અભય કર શિર ફરતાં—ટુટ્યો વિયોગ અંગાંગી વિસરતાં
ગયો દ્વંદ્વ અભેદ સુખમાં ઠરતાં— હે નાથ ૬
યોગારૂઢમાં અમૃત પીતો—કરૂણાકરના જાણું રીતો
કરૂં પ્રણય યુદ્ધ ખરે આપ જીતો— હે નાથ ૭
સ્વાનંદામૃત પાતાં ન ખુટે—ગૃઢો કરતો અનન્યતાન છુટે
જો અભેદતો શરણું ન તુટે— હે નાથ ૮
મનવાણી હવે ડુબકાં ખાતી—રસ રસબસ થાતાં ક્યાં જાતી
પ્રિય પતિ પ્રેમાબ્ધિ ગુમ થાતી— હે નાથ ૯
હે નાથ શાન્તિ સુખ અનુભવતાં—જય ગણેશ તદ રૂપમાં રમતાં
પૂર્ણાનન્દ સ્વરૂપમાં શમતાં— હે નાથ ૧૦

રાગ દેશી પદ.

હૃદયાં ગણીયે પધારો મ્હારા સદગુરૂરાજ
સદગુરૂ રાજ મારા પ્રિય પતિ રાજ હૃદયાં ટેક
લીપ્યાં થાપ્યાં આંગણીયાંને વાળ્યાં ઝાડયાં આજ
ગુરૂ સેવાને કાજે મેં તો તજયા અહંમમ લાજ હૃદયાં ૧
પ્રેમ બીછાનાં ગાદી તકીયાં ગાલીચાના સાજ
મન મુક્તાનાં તોરણ બાંધ્યાં પ્રભુકૃપાને કાજ હૃદયાં ૨
અંગ બંગલો રંગ્યો ઝાઝા રગે શ્રી ગણરાજ
ચિત ચંદન અર્પું પ્રભુ ભાલે શાંન્ત સદન અધિરાજ હૃદયાં ૩
અંગી રત્ન મણી માળા શોભે ચિન્તામણી મહારાજ
સર્વ સમર્પણ ચર્ણ પ્રતાપે દૈતા દૈત સમાજ હૃદયાં ૪
ગૌરી ગાયનાં દુધ મલાઇ પ્રીતે પીરસું આજ
પ્રભુ આરોગો મમકર ગ્રાસો સફળ કરો સૌ કાજ હૃદયાં ૫
ગંધ કેતકી ખસ પંખાથી શીતળ ઢોળું વાજ
યોગાનંદ શૈયાપર પોઢો નાથ ભક્ત શિરતાજ હૃદયાં ૬
પાદ સેવના પ્રિય પતિ કેરી ઉદ્ધારણ આઝાઝ
આત્મનિવેદન રસબસ તન્મય ઓમ ઓમ ઓમ મહારાજ હૃદયાં ૭
સુખ સાગરમાં અભેદ ઝીલતાં રહેત કોઇ અવાજ
પ્રાણનાથ સદગુરૂ ભક્તિમાં સરીયાં સર્વે કાજ હૃદયાં ૮
તાપ તાપ સંતાપ સમાયાં જન્મ મર્ણ ભ્રમ લાજ
પૂર્ણાનન્દ સ્વરૂપ પ્રિય પતિતે અભય વરદ મય પાજ હૃદયાં ૯